# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्




## ઈ–દક્ષિણાયન

### Dakshinayan e-Newsletter


For Private Circulation Only

Vol. 17, Issue. 283, March 2026


**પ્રિય વાચક મિત્રો,**

'નારી તું નારાયણી' – આ ઉક્તિ ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી ગુંજતી રહી છે, પરંતુ આજના આધુનિક યુગમાં આ શબ્દો માત્ર શ્લોક પૂરતા મર્યાદિત ન રહેતા વાસ્તવિકતા બની રહ્યા છે. દર વર્ષે ૮ માર્ચના રોજ જયારે આપણે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ઉજવીએ છીએ ત્યારે તે માત્ર એક દિવસની ઉજવણી નથી, પરંતુ સ્ત્રીઓના સંઘર્ષ, તેમની સફળતા અને સમાજમાં તેમના અમૂલ્ય યોગદાનને વંદન કરવાનો અવસર છે.

આપણી યુનિવર્સિટીના પ્રાંગણમાં જયારે આપણે નજર કરીએ છીએ. ત્યારે ગર્વ અનુભવાય છે. આજે લેક્ચર હોલ હોય, લેબોરેટરી હોય કે સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ – દરેક જગ્યાએ વિદ્યાર્થિનીઓ પોતાની મેધા અને મહેનતથી અગ્રેસર છે. શિક્ષણ એ સશક્તિકરણનું સૌથી શક્તિશાળી શસ્ત્ર છે, અને આપણી યુનિવર્સિટી આ શસ્ત્ર દ્વારા આવતીકાલની મજબૂત મહિલા નેતાઓ તૈયાર કરી રહી છે. આ વર્ષની થીમ આપણને યાદ અપાવે છે કે ટેકનોલોજી અને નવીનતાના યુગમાં મહિલાઓની ભાગીદારી અનિવાર્ય છે. આપણે એ સમજવું પડશે કે મહિલા સશક્તિકરણ એ માત્ર સ્ત્રીઓનો મુદ્દો નથી પણ સમગ્ર માનવજાતના વિકાસનો મુદ્દો છે. આર્થિક અને સામાજિક ક્ષેત્રે સ્ત્રીઓને સમાન તકો પૂરી પાડવી એ નૈતિક જવાબદારી છે. નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓનો અવાજ એટલો જ મહત્વનો છે જેટલો પુરુષોનો.

આપણી યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં મોડી રાત સુધી વાંચતી વિદ્યાર્થિની હોય કે વહીવટી તંત્રને કુશળતાથી સંભાળતી મહિલા અધિકારી – આ દરેક પાત્ર એક નવો ઇતિહાસ લખી રહ્યા છે. આજે સ્ત્રી માત્ર સહાયક નથી તે નિર્ણાયક છે. જયારે એક યુવતી ટેકનિકલ રિસર્ચ પેપર રજૂ કરે છે, ત્યારે તે માત્ર ડેટા નથી રજૂ કરતી, પણ વર્ષોની રૂઢિ ચુસ્ત માન્યતાઓ તોડે છે. આ વર્ષે આપણે એક નવો શબ્દ વણી લઈએઃ 'ટેક–સાવી નારી'. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) થી માંડીને ડેટા એનાલિટિક્સ સુધીના ક્ષેત્રોમાં આપણી યુનિવર્સિટીની દીકરીઓ જે રીતે કાઠું કાઢી રહી છે, તે દર્શાવે છે કે ટેકનોલોજીને હવે કોઈ જેન્ડરના સીમાડા નડતા નથી. વર્તમાન સમયમાં 'ડિજિટલ સાક્ષરતા' એ મહિલાઓ માટે પ્રગતિનું નવું દ્વાર ખોલ્યું છે. ઘરે બેઠા બિઝનેસ હોય કે સોશિયલ મીડિયા દ્વારા જનજાગૃતિ, ટેકનોલોજીએ મહિલાઓને એક મજબૂત મંચ પૂરું પાડયું છે. આપણી યુનિવર્સિટી આ દિશામાં ડિજિટલ લર્નિંગ અને ઇનોવેશન હબ દ્વારા વિદ્યાર્થિનીઓને સજ્જ કરી રહી છે.

ઘણીવાર કાર્યસ્થળ કે સમાજમાં મહિલાઓ માટે એક અદૃશ્ય મર્યાદા (Glass Ceiling) હોય છે, જે તેમને ઉચ્ચ હોદ્દાઓ પર પહોંચતા રોકે છે. આ અવરોધો દૂર કરવા માટે જરૂરી છેઃ કેમ્પસ અને કાર્યસ્થળ પર સુરક્ષા અને આદરનું વાતાવરણ. સિનિયર મહિલા પ્રોફેસરો અને ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ (Alumni) નવી પેઢીની દીકરીઓને માર્ગદર્શન આપે. 'આ કામ સ્ત્રીઓ ન કરી શકે' એવી માનસિકતાનો (પૂર્વગ્રહ મુક્તિ) ત્યાગ. આજે ભારતીય સેના હોય, ઈસરો (ISRO)નું મિશન હોય કે ઓલિમ્પિકના મેદાન. ભારતીય મહિલાઓએ સાબિત કર્યું છે કે તેમની ક્ષમતા સીમાતીત છે.

યુનિવર્સિટી જીવન એ કોઈપણ યુવતી માટે તેના વ્યક્તિત્વના ઘડતરનો સૌથી મહત્વનો તબક્કો છે. અહીં તે માત્ર ડિગ્રી મેળવતી નથી, પરંતુ આત્મનિર્ભર બને છે, પોતાના નિર્ણયો જાતે લેતા શીખે છે. નેતૃત્વ (Leadership)ના ગુણોનો પાયો નંખાય છે સ્ટુડન્ટ કાઉન્સિલથી લઈને ઈવેન્ટ મેનેજમેન્ટ સુધી નેતૃત્વના ગુણો ખીલવે છે. નવીન સંશોધનોમાં પણ અગ્રેસર STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ) જેવા ક્ષેત્રોમાં સ્ત્રીઓનું વધતું પ્રમાણ નવા ભારતના નિર્માણના સંકેત છે. હૃદય અને મગજનો સમન્વય છે નારી સ્ત્રીની સૌથી મોટી યુનિક શક્તિ તેની 'Empathy' (સંવેદનશીલતા) છે. એક પ્રોફેસર તરીકે તે માત્ર વિષય નથી ભણાવતી, પણ વિદ્યાર્થીના જીવનનું ઘડતર કરે છે. આ માનવીય અભિગમ જ શિક્ષણ જગતને જીવંત રાખે છે.

ભલે આપણે અવકાશ વિજ્ઞાનથી લઈને કોર્પોરેટ જગત સુધી મહિલાઓનો દબદબો જોઈએ છીએ, છતાં ગ્રામીણ સ્તરે શિક્ષણનો અભાવ, સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ અને સુરક્ષા જેવા પડકારો આજે પણ અડીખમ છે. એક શૈક્ષણિક સંસ્થા તરીકે આપણી ફરજ છે કે આપણે એવું વાતાવરણ નિર્મિત કરીએ જયાં કોઈ પણ દીકરીના સપનાઓ તેની જાતિ (Gender)ને કારણે અધૂરા ન રહી જાય.

આ મહિલા દિવસે, ચાલો આપણે સંકલ્પ કરીએ કે આપણે માત્ર વાતો નહીં, પણ વર્તનથી પરિવર્તન લાવીશું. સ્ત્રીઓને 'બચાવવા' કરતા તેમને 'ખુલવા' માટે આકાશ આપીએ. દરેક સ્ત્રીમાં એક અદમ્ય સાહસ રહેલું છે, જરૂર છે માત્ર તેને ઓળખવાની અને પ્રોત્સાહન આપવાની. આ ન્યૂઝલેટરના માધ્યમથી આપણે સૌ શપથ લઈએ કે આપણે એવા સમાજનું નિર્માણ કરીશું જયાં સ્ત્રીને પોતાની શક્તિ સાબિત કરવા માટે સંઘર્ષ ન કરવો પડે, પરંતુ તેની પ્રતિભાને ખીલવા માટે કુદરતી અવકાશ મળે. સલામ એ તમામ નારી શક્તિને, જેઓ સવારથી રાત સુધી અવિરતપણે રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપી રહી છે.

મહિલા પ્રોફેસરો, વિદ્યાર્થિનીઓ અને કર્મચારીઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની હાર્દિક શુભેચ્છાઓ!

તા. ૦૧ એપ્રિલ, ૨૦૨૬ (ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)

કુલપતિશ્રી

## વિશ્વવિદ્યાલય સમાચાર

### 'સ્ત્રી સ્વાસ્થ્ય અને કેન્સર જાગૃતિ' સેમિનાર















વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના માર્ગદર્શન હેઠળ તા. ૧૩/૦૩/૨૦૨૬ના રોજ વુમન ડેવલોપમેન્ટ સેલ (WDC) દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે 'મહિલા સ્વસ્થ્ય પરિષદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં તબીબી નિષ્ણાતોએ વિદ્યાર્થીઓ અને મહિલા કર્મચારીઓને ઊંડાણપૂર્વક માહિતી પૂરી પાડી હતી.

ભરત કેન્સર હોસ્પિટલ જાણીતા ઓન્કો સર્જન ડૉ. આકાશ વાઘાણીએ ગર્ભાશયના મુખના કેન્સર માટે જવાબદાર એચ.પી.વી. વાયરસ વિશે માર્ગદર્શન આપતા જણાવ્યું કે, ૪ વર્ષથી નાની વયની છોકરીઓને સરકારી હેલ્થ સેન્ટર કે 'યુ વિન' પોર્ટલ દ્વારા સિંગલ ડોઝ રસી નિઃશુલ્ક આપવામાં આવે છે. ૨૬ વર્ષથી મોટી ઉંમરની સ્ત્રીઓએ ડોકટરની સલાહ મુજબ ૩ ડોઝ લેવા જોઈએ. મલ્ટીપલ પાર્ટનર હોવાના કારણે ઈન્ફેક્શનનું જોખમ વધે છે તેથી સંસ્કારી અને સંયમિત જીવનશૈલી રોગથી દૂર રાખે છે.

કેન્સર સર્જન ડૉ. નિકુંજ વિઠલાણીએ સ્તન કેન્સર વિશેની ગેરમાન્યતાઓ દૂર કરી હતી. તેમણે જણાવ્યું કે સ્તન કેન્સર થવાના મુખ્ય કારણોમાં હોર્મોન્સ, જીનેટિક્સ અને લાઈફસ્ટાઈલ જવાબદાર છે. તેમણે બચાવ માટે સ્તનમાં આવતા ફેરફારોને વહેલો ઓળખો અને શંકા જાય તો તુરંત મેમોગ્રાફી કરાવો જોઈએ. કુદરતી ખોરાક લેવો, રોજ ૩૦–૩૫ મિનિટ કસરત કરવી, વજન નિયંત્રણમાં રાખવું અને વ્યસનોથી દૂર રહેવું. તેમણે ઉમેર્યું કે પ્રથમ સ્ટેજમાં નિદાન થતા જલ્દી રાહત મળી શકે છે, જ્યારે ચોથા સ્ટેજમાં સ્થિતિ અત્યંત કપરી બને છે. આમ ઉપરોકત મુજબના સૂચન આપવામાં આવ્યા હતા.

મિસ રોશની પીઠાવાલા તેમણે 'સ્માર્ટ ન્યુટ્રીશન' પર ભાર મુકતા જણાવ્યું કે સ્ત્રીઓએ પોતાના વ્યસ્ત શિડયુલમાં 'રંગીન લંચ' (લીલા શાકભાજી, દહીં વગેરે) સામેલ કરવું જોઈએ. સ્ત્રીનું સ્વાસ્થ્ય એ લકઝરી નથી પણ અનિવાર્યતા છે.

ડૉ. પારુલ વડગામા ફિઝિશિયન તથા (એકઝેકયુટિવ સમિતિના સભ્યશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય)એ ટીનેજથી લઈ વૃદ્ધાવસ્થા સુધીના જરૂરી બેઝિક હેલ્થ ચેકઅપ જેવા કે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને હિમોગ્લોબીન ટેસ્ટ વિશે માહિતી આપી હતી.

આમ સમગ્ર કાર્યક્રમ અંતર્ગત માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, વુમન ડેવલોપમેન્ટ સેલના કૉ–ઓર્ડિનેટર ડૉ. કિર્તિ ડિ. ઠાકર, ડૉ. મહેન્દ્ર ચૌહાણ, ડૉ. પારુલ વડગામા, ડૉ. કશ્યપસિંહ ખરચિયા, ડૉ. આકાશ વાઘાણી, ડૉ. નિકુંજ વિઠ્ઠલનસ અને મિસ રોશની પીઠાવાલા મેડમ ઉપસ્થિત રહી કેન્સર પ્રત્યેનો ડર દૂર કરી જાગૃતિ ફેલાવો કર્યો હતો.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે 'કવયિત્રીની દ્રષ્ટિએ મહિલા સશક્તિકરણ' વિષયક કાર્યક્રમ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે તા. ૦૯/૦૩/૨૦૨૬ના રોજ માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના માર્ગદર્શન હેઠળ વુમન ડેવલપમેન્ટ સેલ (WDC) દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી અંતર્ગત 'કવયિત્રીની દષ્ટિએ મહિલા સશક્તિકરણ' વિષયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે સુશ્રી યામિનીબેન વ્યાસને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમનું સ્વાગત શિક્ષણ વિભાગના વડાશ્રી ડૉ. રાજેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સુશ્રી યામિનીબેન વ્યાસે પોતાના પ્રવચનમાં ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી અવાજના વિવિધ પરિમાણોને રજૂ કરતાં જણાવ્યું હતું કે કવિતા, નાટય અને સાહિત્ય સ્ત્રીના અનુભવો, સંઘર્ષો અને આત્મસન્માનને વ્યક્ત કરવા માટે સશક્ત માધ્યમ બન્યાં છે. તેમણે ભારતીય સમાજમાં સ્ત્રીઓની શારીરિક, માનસિક અને સામાજિક પરિસ્થિતિઓના સંદર્ભમાં સ્ત્રી સશક્તિકરણની પ્રક્રિયા પર વિસ્તૃત પ્રકાશ પાડયો હતો.

આ પ્રસંગે વુમન ડેવલોપમેન્ટ સેલના સભ્યોશ્રીઓ, શિક્ષણ વિભાગના અધ્યાપકશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્રના સલાહકારશ્રીઓ તેમજ વિભાગના વિદ્યાર્થીમિત્રો સહિત આશરે ૧૦૦ જેટલા લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત શ્રોતાગણને સ્ત્રી સશક્તિકરણ અંગે પ્રેરણાદાયી અને વિચારપ્રેરક માર્ગદર્શન મળ્યું હતું.

કાર્યક્રમના અંતે ડૉ. કીર્તિ ડી. ઠાકર દ્વારા મુખ્ય વકતાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વુમન ડેવલપમેન્ટ સેલના સભ્યોઓ, મનોવૈજ્ઞાનિક સલાહકારશ્રીઓ તેમજ ઉપસ્થિત વિદ્યાર્થીમિત્રોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ અને જ્ઞાનવર્ધક રહ્યો હતો.

## "Examination Manual (Version 1.0 February-2026)"






Veer Narmad South Gujarat University, Surat દ્વારા "Examination Manual (Version 1.0 – February 2026)" પ્રકાશિત કરવામાં આવેલ છે. આ મેન્યુઅલની Soft Copy તમામ કૉલેજને ઇ–મેઈલ મારફત મોકલવામાં આવેલ છે. આ મેન્યુઅલ પરીક્ષા પ્રક્રિયા સંબંધિત માર્ગદર્શિકા તરીકે તૈયાર કરવામાં આવેલ હોવાથી, તમામ કૉલેજ/વિભાગ ખાતે પરિક્ષાની કામગીરી સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માટે ઉપયોગી સાબિત થશે. જેથી તમામ કૉલેજ/વિભાગોને આ મેન્યુઅલનો અભ્યાસ કરી, તેમાં કોઈ સુધારા/ઉપયોગી સૂચનો હોય તો તે ees@vnsgu.ac.in પર મોકલી આપવા વિનંતી.

## Department of Biotechnology

### 'સ્કિલિંગ બાયોટેક ટેલેન્ટ 2.0 (SBT-2026) રાષ્ટ્રીય પરિસંવાદ









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (GSBTM)ના સહયોગથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP-2020)ના વિઝન હેઠળ ''સ્કિલિંગ બાયોટેક ટેલેન્ટ 2.0 (SBT-2026)'' વિષયક પરિસંવાદનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં ૨૦૦થી વધુ શિક્ષણવિદો, સંશોધકો, ઉદ્યોગ નિષ્ણાતો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પરિસંવાદનું સ્વાગત પ્રવચન, પરિસંવાદ સંયોજક તથા બાયોટેકનોલોજી વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. ગૌરવ શાહ દ્વારા આપવામાં આવ્યું હતું. તેમણે ઉપસ્થિત મહાનુભાવો, આમંત્રિત વક્તાઓ અને સહભાગીઓનું સ્વાગત કર્યું હતું તેમજ શિક્ષણ અને ઉદ્યોગ અને મજબૂત સહયોગ સ્થાપિત કરવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશનના ડેપ્યુટી મેનેજર શ્રી રાહુલ ખરાડી દ્વારા 'ઉદ્યોગ અને શૈક્ષણિક ક્ષેત્ર વચ્ચેનું અંતર દૂર કરવાની જરૂરિયાત' વિષય પર પ્રારંભિક પ્રવચન આપવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સમારોહ દરમિયાન મહાનુભાવોના હસ્તે પરિસંવાદની માહિતી પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ઇન્ટરનલ ક્વોલિટી એશ્યોરન્સ સેલ (IQAC)ના નિર્દેશક ડૉ. અપૂર્વ દેસાઈએ ઉદ્ઘાટન સંબોધન કર્યું હતું. ત્યારબાદ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા પ્રેરણાદાયી સંબોધન કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે વિદ્યાર્થીઓ અને સંશોધકોની નવીનતા, સંશોધન અને કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

પરિસંવાદના પ્રથક સત્રમાં આમંત્રિત વ્યાખ્યાન તરીકે ડૉ. બહાદુર ખમાર (Executive Director, Reseach, Cadila Pharmaceutical, Dholka) દ્વારા "Translating Laboratory Research into Market-Ready Therapeutics" વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. રાજેશ કે. પટેલ (Professor, Veer Narmad South Gujarat University, Surat) દ્વારા "Emerging Research Funding Opportunities: National & International Landscape" વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પરિસંવાદ દરમિયાન બે વિશિષ્ટ પેનલ ચર્ચાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પેનલ ચર્ચાના અધ્યક્ષ તરીકે શ્રી કમલેશ યાજ્ઞિક (Former President, SGCCI: Sarvajanik University, Surat) હાજર રહ્યા હતા, જ્યારે સત્રના સહ–અધ્યક્ષ તરીકે ડૉ. ગૌરવ શાહ જોડાયા હતા.

#### પેનલ–૧: શૈક્ષણિક નિષ્ણાંતો:

પેનલમાં વિવિધ વિશ્વવિદ્યાલયોના પ્રતિષ્ઠિત શિક્ષણવિદો જેમ કે ડૉ. રમેશ કોઠારી (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ), ડૉ. જય બર્ગી (સાર્વજનિક યુનિવર્સિટી, સુરત), ડૉ. મેહુલ દવે (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર), ડૉ. પિનાકિન ઢાંઢુકિયા (વનિતા વિશ્રામ મહિલા યુનિવર્સિટી, સુરત), ડૉ. વિજય કુમાર (ભગવાન મહાવીર યુનિવર્સિટી, સુરત), ડૉ. માયોનિશ પિઠાવાલા (ઉકા તરસાડિયા યુનિવર્સિટી, બારડોલી) તથા ડૉ. અનીશ શર્મા(પી.પી.સવાણી યુનિવર્સિટી, કોસાંબા) એ ભાગ લીધો હતો. નિષ્ણાતોએ સંશોધનની ગુણવત્તા વધારવા,

આંતરવિષયક સહયોગને પ્રોત્સાહિત કરવા તથા ઉદ્યોગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શૈક્ષણિક અભ્યાસક્રમને વધુ સુસંગત બનાવવા અંગે મહત્વપૂર્ણ વિચારો રજૂ કર્યા હતા.

**પેનલ–૨: ઉદ્યોગ નિષ્ણાંતો:**

આ પેનલમાં બાયોટેકનોલોજી અને સંબંધિત ઉદ્યોગોના પ્રતિષ્ઠિત વ્યાવસાયિકો જેમ કે, ડૉ. ડી. કે.જોશી (ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, બીકન ડાયગ્નોસ્ટિક્સ પ્રા.લિ), શ્રી કપિલ શાહ (સીઈઓ,સુયશ ફાર્માસ્યુટિકલ્સ), ડૉ.જ્યોતિર્મઈ આઈચ (જનરલ મેનેજર, માઈક્રોસીઆરઆઈએસપીઆર પ્રા.લિ.), શ્રી વિવેક દીક્ષિત (સીઈઓ, સાઉથ એશિયન યુનિવર્સિટી, નવી દિલ્હી), ડૉ. જીગર રાણા (સહાયક નિયામક અને વડા, ઇકોટોક્સિકોલોજી, યુરોફિન્સ એડ્વિનસ એગ્રોસાયન્સિસ, બેંગ્લોર) ડૉ. મેઘના અધ્વર્યુ (ભૂમા બાયોટેક, સુરત) તથા શ્રી મયંક શર્મા (ટેકનિકલ ડિરેક્ટર, મયંક એક્વાકલ્ચર પ્રા. લિ., સુરત) એ ઉત્સાહભેર ચર્ચા કરી હતી. ઉદ્યોગ નિષ્ણાતોએ બાયોટેકનોલોજી ક્ષેત્રમાં તાજેતરની પ્રગતિઓ વિશે મહત્વપૂર્ણ માહિતી આદાન– પ્રદાન કરી હતી અને બાયોટેક વ્યાવસાયિકોની આગામી પેઢીને તૈયાર કરવા માટે કૌશલ્ય આધારિત શિક્ષણ, પ્રાયોગિક તાલીમ અને મજબૂત ઉદ્યોગ–શૈક્ષણિક સહયોગના મહત્વ પર ભાર મૂકયો હતો. આ પરિસંવાદે શિક્ષણવિદો, સંશોધકો, ઉદ્યોગ નિષ્ણાતો અને વિદ્યાર્થીઓને એક મંચ પર લાવી બાયોટેકનોલોજી ક્ષેત્રમાં ઉભરતી તકો તથા કૌશલ્ય વિકાસ અંગે અર્થપૂર્ણ ચર્ચા માટે અનુકૂળ માહોલ પૂરો પાડયો હતો.

કાર્યક્રમનું સમાપન એસબીટી–૨૦૨૬ના આયોજન સચિવ ડૉ. અંબિકા અરકટકરના આભાર પ્રસ્તાવ સાથે થયું હતું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના લક્ષ્યોને અનુરૂપ બાયોટેકનોલોજી શિક્ષણ, નવીનતા અને કાર્યબળ વિકાસને પ્રોત્સાહન આપવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશનના સંયુક્ત પ્રયાસોથી આ સફળ પરિસંવાદની પૂર્ણાહુતિ થઈ હતી.

## Department of Aquatic Biology

### રાષ્ટ્રીય સ્તરે સન્માન




વિશ્વવિદ્યાલયના જળચર જીવવિજ્ઞાન વિભાગમાં પ્રોફેસર તરીકે કાર્યરત ડૉ. નેમીચંદ ઉજ્જૈનિયાને નેશનલ એકેડેમી ઓફ એન્વાયર્નમેન્ટ સાયન્સિસ, નવી દિલ્હી દ્વારા નેસા ફેલો એવોર્ડ (૨૦૨૫) એનાયત કરવામાં આવ્યો હતો. આ એકેડેમી દર વર્ષે પર્યાવરણીય વિજ્ઞાનના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય માટે ૧૦ વૈજ્ઞાનિકોને આ પુરસ્કાર આપે છે. NESA એવોર્ડ જેમાં તે સુવર્ણ ચંદ્રક, ટ્રોફી, પ્રમાણપત્ર અને પ્રશંસા પત્ર એનાયત કરે છે. પ્રકૃતિ અને લેખનમાં રસ ધરાવતા ડૉ. ઉજ્જૈનિયાએ માછલી ઉછેર વિકાસ અને પર્યાવરણીય વિજ્ઞાન માટે ઉપયોગી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લગભગ ૨૫૦ સંશોધન પત્રો, લેખો અને પુસ્તિકાઓ પ્રકાશિત કરી છે. કલશ રિસર્ચ એન્ડ વેલ્ફેર સોસાયટી પ્રયાગરાજ (ઉત્તર પ્રદેશ) અને સિદવી ફાઉન્ડેશન (તેલંગણા)એ ડૉ. ઉજ્જૈનિયાના ઉત્કૃષ્ટ કાર્યને માન્યતા આપીને તેમને અનેક પુરસ્કારોથી સન્માનિત કર્યા છે. ડૉ. ઉજ્જૈનિયાએ યુવાનોને સંદેશ આપ્યો કે કોઈ પણ કાર્યમાં સફળતા માટે સંપૂર્ણ સમર્પણ, વફાદારી અને પ્રામાણિકતા જરૂરી છે.

## Department of Bioscience

### 'કૅપ્ચરિંગ કેમ્પસ બાયોડાયવર્સિટી' વિષયક પાંચ દિવસીય વર્કશોપ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોસાયન્સ વિભાગ દ્વારા ફાઈન આર્ટ્સ વિભાગના સહયોગથી PM-USHA MERU સોફ્ટ કોમ્પોનેન્ટ હેઠળ તારીખ ૬ થી ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન "કૅપ્ચરિંગ કેમ્પસ બાયોડાયવર્સિટી: હેન્ડ્સ–ઓન ફોટોગ્રાફી અને ડિજિટલાઇઝેશન ટ્રેનિંગ" શીર્ષક હેઠળ પાંચ દિવસીય વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપનો મુખ્ય હેતુ વિજ્ઞાન અને કલા વચ્ચેનો સમન્વય સ્થાપિત કરી વિદ્યાર્થીઓને આંતરવિષયક શૈક્ષણિક મંચ પૂરું પાડવાનો હતો, જ્યાં તેઓ ફોટોગ્રાફી, દસ્તાવેજીકરણ અને ડિજિટલ સાધનો દ્વારા કેમ્પસની જીવવિવિધતાનું અવલોકન કરી શકે. બાયોસાયન્સ તથા ફાઈન આર્ટસ વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને કલાત્મક અભિવ્યકિત સાથે જોડીને જીવવિવિધતાને નવા પરિપ્રેક્ષ્યમાં અનુભવ્યું. વર્કશોપના પાંચેય દિવસોમાં વિદ્યાર્થીઓએ વિશેષ ઉત્સાહ, જિજ્ઞાસા અને સર્જનાત્મકતા દર્શાવી. નિષ્ણાંત વ્યકિતઓ દ્વારા જીવવિવિધતા ફોટોગ્રાફી, છબી સંરચના (ઇમેજ કોમ્પોઝિશન), મૂળભૂત ફોટો એડિટિંગ, વૈજ્ઞાનિક દસ્તાવેજીકરણ અને ડિજિટલ આર્કાઇવિંગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. ફિલ્ડ આધારિત સત્રોમાં વિદ્યાર્થીઓએ

વિશ્વવિદ્યાલય કેમ્પસમાં ઉપલબ્ધ વિવિધ વનસ્પતિ, પ્રાણી, કીટક, પક્ષીઓ તથા માઈક્રોસ્કોપિક રચનાઓએ કેમેરામાં કેદ કરી. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ આયોજિત સમાપન સમારંભ દરમિયાન, વિદ્યાર્થીઓએ વર્કશોપ દરમ્યાન લેવામાં આવેલી, સંપાદિત અને સુવ્યવસ્થિત રીતે દસ્તાવેજિત તસવીરોનું પ્રદર્શન કર્યું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ પસંદગીની તસવીરો અને દસ્તાવેજીકરણને સમાવે તેવી ઇ–બુકની સોફ્ટ કૉપીનું વિમોચન પણ કરવામાં આવ્યું.

વર્કશોપના સંયોજક તથા બાયોસાયન્સ વિભાગના પ્રોફેસર અને વડા ડૉ. કૈલાશ પી. પટેલે વિદ્યાર્થીઓની મહેનત, ટીમવર્ક અને સર્જનાત્મકતાને બિરદાવતાં વર્કશોપના આંતરવિષયક સ્વરૂપની પ્રશંસા કરી. સમાપન કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કરતા જણાવ્યું કે આ વર્કશોપ જ્ઞાનવર્ધક, કુશળતાવર્ધક તેમજ આનંદદાયક સાબિત થયો અને પરંપરાગત વર્ગખંડ શિક્ષણથી પર જઈને હેન્ડ્સ–ઓન શીખવાની ઉત્તમ તક મળી. આ વર્કશોપનું આયોજન કુલપતિશ્રીના આર્શીવાદ અને કુલસચિવશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. બંને વિભાગોના અધ્યાપકો, માર્ગદર્શકો અને સંયોજકોના સહયોગથી આ કાર્યક્રમ સ્મરણિય તથા સફળ રહ્યો.

## રક્તદાન શિબિર



વિશ્વવિદ્યાલયના બાયોસાયન્સ વિભાગ દ્વારા સ્મીમેર હોસ્પિટલ, એસ.એમ.સી. સુરતના વોલન્ટરી બ્લડ સેન્ટર સાથે સહયોગમાં સોમવાર, તારીખ ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક સુધી રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ શિબિરનું આયોજન વિશ્વવિદ્યાલયના બોયોટેકનોલોજી વિભાગ ખાતે કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરનું આયોજન મહારાણા પ્રતાપની પુણ્યતિથિના અવસરે કરવામાં આવ્યું હતું, જેમાં માતૃભૂમિના રક્ષક અને શૂરવીરો યોદ્ધાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. શિબિરમાં બાયોસાયન્સીસ વિભાગના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો તથા બિનશિક્ષણ સ્ટાફે ઉત્સાહપૂર્વક રક્તદાન કરી સમાજપ્રતિની પોતાની જવાબદારી અને સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યુ.

આ કાર્યક્રમ કુલપતિ ડૉ. કે.એન.ચાવડાના આશ્રય હેઠળ યોજાયો હતો તથા વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ.આર.સી.ગઢવી સહ–આશ્રયક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું માર્ગદર્શન બાયોસાયન્સ વિભાગના વડા ડૉ. કૈલાશ પી. પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. શિબિરના આયોજન અને સંકલનનું કાર્ય ડૉ. પ્રવિણ દુધાગરા, ડૉ. દીનાલી પટેલ અને દિના મિસ્ત્રી દ્વારા સફળતાપૂર્વક સંભાળવામાં આવ્યું. ઉચ્ચ પ્રમાણમાં રક્તદાતાઓની ભાગીદારી અને સુચારુ આયોજનના કારણે આ રક્તદાન શિબિર અત્યંત સફળ સાબિત થઈ. આ આયોજન દ્વારા વિશ્વવિદ્યાલયની સામાજિક જવાબદારી અને માનવતાવાદી કાર્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થઈ.

## 'ઇકો ફાર્મિંગ ફોર સસ્ટેનેબલલ ફ્યુચર'વિષયક એક દિવસીય વર્કશોપ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોસાયન્સ વિભાગ દ્વારા પી.એમ.ઉષા (PM-USHA) પહેલ અંતર્ગત તા. ૨૧મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ 'ઇકો ફાર્મિંગ ફોર સસ્ટેનેબલ ફ્યુચર' વિષય પર એક દિવસીય વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોનું સસ્ટેનેબલ તથા નેચરલ ફાર્મિંગ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

આ કાર્યક્રમનું આયોજન માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. પોતાના અધ્યક્ષસ્થાનેથી સંબોધનમાં કુલપતિશ્રીએ પર્યાવરણ સંરક્ષણ અને ખોરાક સુરક્ષાના દષ્ટિકોણે સસ્ટેનેબલ અને ઈકો ફ્રેન્ડલી ખેતીના મહત્વ પર ભાર મૂકયો હતો. સાથે જ તેમણે કેન્સર વિષયક જાગૃતિ અંગે મહત્વપૂર્ણ વિચાર રજૂ કરી, આરોગ્યદાયક આહાર અને રસાયણમુકત ખેતીની જાહેર આરોગ્યમાં ભૂમિકા ઉપર પ્રકાશ પાડયો હતો. વર્કશોપનાં સંયોજક તરીકે ડૉ. કૈલાશ પી. પટેલ, પ્રોફેસર તથા વડા, બાયોસાયન્સીસ વિભાગે સંસાધન વ્યકિતઓનું સ્વાગત કરી વિદ્યાર્થીઓને નેચરલ ફાર્મિંગના ઉદયમાન વિચારો સાથે સક્રિય રીતે જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના આયોજન સચિવ ડૉ. ધારા ગામિતએ નેચરલ ફાર્મિંગના મહત્વ અને ટકાઉ ભવિષ્યની સિદ્ધિમાં તેની ભૂમિકા અંગે અસરકારક રીતે માહિતી આપી હતી.

વર્કશોપના ટેકનિકલ સત્રોમાં ડૉ. રાજેશ ડી. વેકરિયા (આસિસ્ટન્ટ રિસર્ચ સાયન્ટિસ્ટ, ઘઉં, સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય (NAU), બારડોલી)એ નેચરલ ફાર્મિંગના મૂળભૂત સિદ્ધાંતો અને સંકલ્પનાઓનું વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. અન્ય નિષ્ણાંત શ્રી અમિત વી. માલવિયા,

આસિસ્ટન્ટ રિસર્ચ સાયન્ટિસ્ટ, NAU નવસારી દ્વારા સીમિત જગ્યામાં કિચન ગાર્ડન વિકાસ અંગે ટેકનિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું, જે ખૂબ જ વ્યવહારુ અને સહેલાઈથી અપનાવી શકાય તેવુ હતું. વર્કશોપ દરમિયાન 'અગ્નિશાસ્ત્ર' અને 'જીવામૃત'ની તેયારી અને ઉપયોગ અંગે હેન્ડ્સ-ઓન તાલીમ સત્રો પણ યોજાયા. તમામ સત્રોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વર્કશોપને માહિતીસભર, પરસ્પર સંવાદાત્મક તથા વ્યવહારુ રીતે લાભદાયક ગણાવ્યો.

સમગ્ર રીતે આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓમાં સસ્ટેનેબલ કૃષિ અને ઇકો ફ્રેન્ડલી જીવનશૈલી પ્રત્યે પ્રેરણા મળી અને પર્યાવરણ સંરક્ષણ તથા સામાજિક જાગૃતિ પ્રત્યે વિશ્વવિદ્યાલયની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બની.

## હરપેટોફોના વૈવિધ્ય અને સિસ્ટમેટિક વિષયક ત્રણ દિવસીય વર્કશોપ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોસાયન્સ વિભાગ દ્વારા પી.એમ.ઉષા PM-USHA MERU સોફ્ટ કોમ્પોનેન્ટ અંતર્ગત 'હરપેટોફોના વૈવિધ્ય અને સિસ્ટમેટિક્સ' વિષય પર તારીખ ૨૮ થી ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ત્રણ દિવસીય પ્રાયોગિક તાલીમ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં વિદ્યાર્થીઓ, સંશોધનાર્થીઓ અને અધ્યાપક વર્ગે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેના કારણે આ કાર્યક્રમ અત્યંત રસપ્રદ અને જ્ઞાનવર્ધક સાબિત થયો.

આ વર્કશોપમાં સાપ અને ઉભયચરોની ઓળખ, વર્ગીકરણ અને સિસ્ટમેટિક્સ અંગે વ્યાપક સૈદ્ધાંતિક જ્ઞાન સાથે સાથે પ્રાયોગિક તાલીમ આપવામાં આવી. ઉપરાંત, ક્ષેત્ર કાર્ય પદ્ધતિઓ, નમૂનાઓનું સંભાળ દસ્તાવેજીકરણ અને હરપેટોલોજીકલ સંશોધન ક્ષેત્રમાં થયેલી તાજેતરની પ્રગતિઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

ક્ષેત્રના પ્રખ્યાત નિષ્ણાતોએ વર્કશોપ દરમિયાન પોતાનું અમૂલ્ય જ્ઞાન અને અનુભવ સહભાગીઓ સાથે વહેંચ્યો. રિલાયન્સ ફાઉન્ડેશનના હેડ સાયન્ટિસ્ટ ડૉ. વરદ ગીરી દ્વારા લેવામાં આવેલ સત્રો અત્યંત જ્ઞાનવર્ધક અને રસપ્રદ રહ્યા જેમાં તેમણે પોતાના રસના ક્ષેત્રમાં નિષ્ઠાપૂર્વક કાર્ય કરવાથી વૈજ્ઞાનિક અને સંરક્ષણ ક્ષેત્રે કેવી રીતે મહત્વપૂર્ણ અસર સર્જી શકાય તે વિષય પર ભાર મૂક્યો. તેમની પ્રેરણાદાયક વાતોએ સહભાગીઓને જૈવ વૈવિધ્ય સંશોધન પ્રત્યે વધુ ઉત્સાહિત કર્યા.

જર્મની સ્થિત મેક્સ પ્લાન્ક ઇન્સ્ટિટ્યૂટ ફોર બાયોલોજીના સંશોધક શ્રી ઝીશાન એ. મિર્ઝાએ નવી પ્રજાતિઓની શોધ સંબંધિત પોતાના અનુભવો રજૂ કર્યા. તેમણે ક્ષેત્ર અભ્યાસ, વૈજ્ઞાનિક દસ્તાવેજીકરણ તથા વર્ગીકરણ સંશોધનના વૈશ્વિક મહત્વ અંગે મહત્વપૂર્ણ દૃષ્ટિકોણ રજૂ કર્યો. સેન્ટર ફોર વાઈલ્ડલાઈફ સ્ટડીઝ, બેંગલુરુના રિસર્ચ ફેલોશ્રી યશેન્દુ સી. જોશીએ માનવ-મગર સંઘર્ષ વિષય પર પોતાનો અનુભવ શેર કર્યો. તેમણે વાસ્તવિક ક્ષેત્ર અનુભવો, વન્યજીવ સંરક્ષણમાં પડકારો અને માનવ તથા મગર વચ્ચે સહઅસ્તિત્વની વ્યૂહરચનાઓના મહત્વ પર પ્રકાશ પાડયો.

આ વર્કશોપનું આયોજન વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. બાયોસાયન્સિસ વિભાગના પ્રોફેસર તથા વડા ડૉ. કૈલાશ પી. પટેલ વર્કશોપનાં સંયોજક તરીકે કાર્યરત રહ્યા. વર્કશોપનો અંત અત્યંત હકારાત્મક માહોલ સાથે થયો જેમાં સહભાગીઓ હરપેટોફોના વૈવિધ્ય અને સિસ્ટમેટિક્સ ક્ષેત્રમાં વધુ પ્રાયોગિક કુશળતા અને વૈજ્ઞાનિક સમજ સાથે પ્રેરિત બની પરત ફર્યા.

## 'GIS For Beginners' વિષયક એક દિવસીય વર્કશોપ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોસાયન્સ વિભાગ દ્વારા પી.એમ.ઉષા PM-USHA MERU સોફ્ટ કોમ્પોનેન્ટ અંતર્ગત "GIS for Beginners: Mapping the World Digitally" શીર્ષક હેઠળ એક દિવસીય વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને જિયોગ્રાફિક ઇન્ફોર્મેશન સિસ્ટમ્સ (GIS)ના મૂળભૂત સિદ્ધાંતો તથા તેના વ્યવહારુ ઉપયોગ અને નિષ્ણાત માર્ગદર્શન અને હેન્ડ્સ-ઓન તાલીમ દ્વારા પરિચિત કરાવવાનો હતો.

વર્કશોપના ઉદ્ઘાટન સત્રમાં માનનીય કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે દક્ષિણ ગુજરાતના ભૂગોળીય તથા સામાજિક-આર્થિક પરિપેક્ષ્યમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનું વ્યૂહાત્મક મહત્વ ઉજાગર કર્યું. તેમણે જણાવ્યું કે પ્રદેશની શૈક્ષણિક જરૂરિયાતો, જીવ વૈવિધ્યની સમૃદ્ધિ તથા વિકાસ ક્ષમતાને ધ્યાનમાં રાખી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયને PM-USHA ફંડ્સની નોંધપાત્ર ફાળવણી કરવામાં આવી છે. તેમણે વિદ્યાર્થીઓને કુશળતા, વિકાસ, રોજગાર ક્ષમતા અને સંશોધન ક્ષમતાઓ વધારતી આવી શૈક્ષણિક પહેલોનો પૂરેપૂરો લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યા.

વર્કશોપમાં ગુજરાતના પ્રખ્યાત જીવ વૈવિધ્ય સંરક્ષણ નિષ્ણાત અને સેન્ટર ફોર વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન સ્ટડીઝ (CWCS), ભકતકવિ નરસિંહ મહેતા વિશ્વવિદ્યાલય (BKNMU), જૂનાગઢના ડાયરેકટર, ડૉ. નિશીથ ધરૈયા મુખ્ય સંસાધન વ્યકિત તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જીવ વૈવિધ્ય મેપિંગ, વન્યજીવ સંરક્ષણ તથા GIS આધારિત પર્યાવરણીય અભ્યાસ અંગેનો પોતાનો વ્યાપક અનુભવ વિદ્યાર્થીઓ સાથે વહેંચ્યો. તેમના સત્ર દ્વારા વિદ્યાર્થીઓને સંરક્ષણ આયોજન, હેબિટેટ વિશ્લેષણ તથા પર્યાવરણીય વ્યવસ્થાપનમાં GIS સાધનોના ઉપયોગ અંગે મહત્વપૂર્ણ દૃષ્ટિ મળી. વર્કશોપમાં અન્ય વિશિષ્ટ વકતા તરીકે ISRO સાથે સંકળાયેલા પીએચ.ડી. સંશોધકશ્રી આદિત્ય ધરૈયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉપગ્રહ ડેટા, સ્પેશિયલ વિશ્લેષણ તથા અંતરિક્ષ આધારિત સંશોધન અને રાષ્ટ્રીય સ્તરના વૈજ્ઞાનિક પ્રોજેકટમાં GISની ભૂમિકા અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. તેમના સત્રથી રિમોટ સેન્સિંગ અને GIS ટેકનોલોજી કેવી રીતે અદ્યતન સંશોધન અને વાસ્તવિક સમસ્યાઓના ઉકેલમાં ઉપયોગી બને છે તે સમજવામાં મદદ મળી.

આ ઉપરાંત, CWCS, BKNMU, જૂનાગઢના સિનિયર પ્રોજેકટ ફેલોશ્રી પ્રતિક દેસાઈ દ્વારા અત્યંત માહિતસભર હેન્ડ્સ–ઓન પ્રાયોગિક સત્ર લેવામાં આવ્યું. તેમણે GIS સોફટવેર, સ્પેશિયલ ડેટા હેન્ડલિંગ, નકશા નિર્માણ, ડેટા લેયરિંગ તથા અર્થઘટન પદ્ધતિઓ અંગે વિદ્યાર્થીઓનેમાર્ગદર્શન આપ્યું. તેમની ઇન્ટરેકિટવ શૈલીના કારણે વિદ્યાર્થીઓને સિદ્ધાંતોને પ્રાયોગમાં મૂકવાની ઉત્તમ તક મળી અને GISના વ્યવહારુ ઉપયોગ અંગે તેમની સમજ મજબૂત બની. તમામ નિષ્ણાંતોએ હેન્ડ્સ–ઓન તાલીમ સત્રો દ્વારા વિદ્યાર્થીઓને સક્રિય રીતે જોડયાં, જેમાં વિદ્યાર્થીઓએ GIS સાધનો, સ્પેશિયલ ડેટાસેટ્સ અને મેપિંગ તકનીકો સાથે સીધું કામ કર્યું. વર્કશોપની પ્રાયોગિક અભિગમથી સિદ્ધાંત અને વાસ્તવિક ઉપયોગ વચ્ચેનું અંતર ઘટયું.

વિદ્યાર્થીઓએ વર્કશોપ અંગે ઉત્તમ પ્રતિભાવ વ્યકત કર્યા અને સ્પષ્ટ સમજાવટ, ઇન્ટરેકિટવ સત્રો તથા નવીન ટેકનોલોજીનો પરિચય મળ્યો તે બદલ પ્રશંસા કરી. અનેક વિદ્યાર્થીઓએ જણાવ્યું કે આ વર્કશોપ માહિતપ્રદ, કુશળતાપૂર્વક અને પ્રેરણાદાયક સાબિત થયો જેના કારણે સંશોધન અને કારકિર્દીની નવી દિશાઓ ખુલ્લી થઈ.

બાયોસાયન્સ વિભાગના વડા ડૉ. કૈલાશ પી. પટેલે વિદ્યાર્થીઓના ઉત્સાહભર્યા પ્રતિસાદ અને નિષ્ણાતો દ્વારા થયેલા અસરકારક જ્ઞાન પરિવહન અંગે સંતોષ વ્યકત કર્યો. તેમણે જણાવ્યુ કે આ વર્કશોપે GIS અને તેના ઉપયોગ પ્રત્યે વિદ્યાર્થીઓમાં રસ જગાવ્યો છે તથા વર્ગખંડની બહારના અનુભવી આધારિત અભ્યાસની મહત્વતા ફરીથી સાબિત કરી છે. વિશ્વવિદ્યાલય સત્તાધીશોના માર્ગદર્શન અને સહયોગથી બાયોસાયન્સ વિભાગ દ્વારા આ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે તમામ સંસાધન વ્યકિતઓના યોગદાન અને વિદ્યાર્થીઓની ઉત્સાહભર્યા ભાગીદારી માટે આભાર વ્યકત કરવામાં આવ્યો અને આ કાર્યક્રમને એક અર્થસભર તથા અસરકારક શૈક્ષણિક પહેલ તરીકે માન્યતા આપવામાં આવી.

## વિશ્વ કેન્સર દિવસની ઉજવણી





વીર નર્મદ સાઉથ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના જીવવિજ્ઞાન વિભાગ દ્વારા બુધવાર તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વિભાગના સેમિનાર હોલ ખાતે વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે એક મહત્વપૂર્ણ જાગૃતિ ફેલાવવી, સમયસર નિદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું જેનો હેતુ માનસિક સ્વાસ્થ્ય અંગે સમજણ વિકસાવવી તથા રસીકરણ દ્વારા કેન્સરના નિવારણ અંગે જાગૃતિ લાવવાનો હતો. આ કાર્યક્રમ માનનીય કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન અને પ્રોત્સાહન હેઠળ યોજાયો હતો. કુલપતિશ્રીએ કેન્સર અંગે જાગૃતિ ફેલાવવાની પહેલ કરી અને ખાસ કરીને HPV રસીકરણ દ્વારા સર્વાઈકલ કેન્સરના નિવારણ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું. ઉપસ્થિત ભાગ લેનારાઓને HPV રસીકરણ માટે નોંધણી કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ક્ષેત્રના નિષ્ણાંતો દ્વારા મહત્વપૂર્ણ વ્યાખ્યાનો આપવામાં આવ્યા. ડૉ. નિકુંજ વિઠલાણી, કન્સલ્ટન્ટ ઑન્કો સર્જન, બેસિલ ઑન્કો કેર, સુરત દ્વારા કેન્સર વિષયક માહિતીસભર અને રસપ્રદ વ્યાખ્યાન આપવામાં આવ્યું. તેમણે કેન્સરની શરૂઆત, વિકાસ અને એની ફેલાવવાની પ્રક્રિયાને સરળ અને સહજ ભાષામાં સમજાવી, જેથી જટિલ તબીબી માહિતી વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત સૌ માટે સરળતાથી સમજાય તેમના વ્યાખ્યાનને કારણે કેન્સર સંબંધિત ભ્રમો દૂર થયા તથા નિદાન અને સમયસર સારવારનું મહત્વ સ્પષ્ટ બન્યું. આ પછીના સત્રમાં શ્રીમતી પૂનમ વિપાણી, એસોસિએટ કિલનિકલ સાઈકોલોજિસ્ટ તથા "સાંત્વના" સાયકોલોજિકલ વેલ–બીંઈગ સેન્ટરના સ્થાપક, દ્વારા કેન્સરની માનસિક અસર વિષે અત્યંત ઉપયોગી વ્યાખ્યાન આપવામાં આવ્યું. તેમણે સમજાવ્યું કે કેન્સર માત્ર શારીરિક નહી પરંતુ માનસિક અને ભાવનાત્મક રીતે પણ દર્દી તથા

તેમના પરિવારને અસર કરે છે. તેમણે કેન્સર દર્દીઓ અને તેમના પરિવારજનોને કેવી રીતે સહારો આપવો તે અંગે વ્યવહારું માર્ગદર્શન આપ્યું અને માનસિક આરોગ્ય, કાઉન્સેલિંગ તથા સંવેદનશીલતાનું મહત્વ ઉજાગર કર્યું.

કાર્યક્રમનું આયોજન ડૉ. કૈલાશ પી. પટેલ, પ્રોફેસર અને વડા, જીવવિજ્ઞાન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સંરક્ષક તરીકે માનનીય કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને સહ સંરક્ષક તરીકે કુસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવી રહ્યા હતા. સમગ્ર રીતે, વિશ્વ કેન્સર દિવસનો આ જાગૃતિ કાર્યક્રમ અત્યંત માહિતીસભર અને પ્રેરણાદાયી સાબિત થયો જેમાં કેન્સરના નિવારણ, માનસિક સ્વાસ્થ્ય અને રસીકરણના મહત્વ અંગે વ્યાપક જાગૃતિ ફેલાઈ તથા ઉપસ્થિત લોકોને આરોગ્ય અંગે માહિતગાર થાય એવું પ્રોત્સાહન મળ્યું.

## 'સસ્ટેનેબલ ઇકોસિસ્ટમ્સ: સિટિઝન સાયન્સ એપિકલ્ચર અને મશરૂમ કલ્ટિવેશન દ્વારા સમુદાયોની ભાગીદારી' વિષય પર ત્રણ દિવસીય વર્કશોપ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોસાયન્સ વિભાગ દ્વારા PM-USHA પહેલ હેઠળ તા. ૪ થી ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન 'સસ્ટેનેબલ ઇકોસિસ્ટમ્સ: સિટિઝન સાયન્સ એપિકલ્ચર અને મશરૂમ કલ્ટિવેશન દ્વારા સમુદાયોની ભાગીદારી' વિષય પર ત્રણ દિવસીય વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપનો મુખ્ય હેતુ વૈજ્ઞાનિક જ્ઞાન અને પ્રાયોગિક તાલીમ દ્વારા વિદ્યાર્થીઓ અને સમુદાયોને સક્રિય રીતે જોડીને ટકાઉ વિકાસ સંબંધિત પ્રથાઓને પ્રોત્સાહન આપવાનો હતો. વર્કશોપનું એક મહત્વપૂર્ણ આકર્ષણ સિટિઝન સાયન્સ પર કેન્દ્રિત હતું જે વૈજ્ઞાનિક સંશોધન અને પર્યાવરણની દેખરેખમાં સામાન્ય નાગરિકોની સક્રિય ભાગીદારી પર ભાર મૂકે છે. ભાગ લેનારાઓને આ બાબતે જાગૃત કરવામાં આવ્યા કે સંરક્ષણ અને ટકાઉપણું એ સામૂહિક જવાબદારી છે જેમાં માહિતી સંગ્રહ જૈવ વૈવિધ્ય સંરક્ષણ અને ઈકોસિસ્ટમ મેનેજમેન્ટમાં સમુદાયની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે.

એપિકલ્ચર (મધમાખી પાલન) વિષયક સત્રો ખૂબ જ સમૃદ્ધ અને પ્રાયોગિક હતા. ચીખલીના અનુભવી મધમાખી પાલકશ્રી અશોક પટેલ દ્વારા વિદ્યાર્થીઓને મધમાખી પાલનની મૂળભૂત માહિતી આપવામાં આવી, જેમાં પર્યાવરણીય મહત્તા, પરાગણમાં ભૂમિકા અને આર્થિક સંભાવનાઓ વિશે વિગતવાર સમજ આપવામાં આવી. હૅન્ડ્સ–ઓન તાલીમ દરમિયાન બી બોક્સ, હાઈવ મેનેજમેન્ટ અને મધ ઉત્પાદન અંગે પ્રાયોગિક અનુભવ મળ્યો, જેને કારણે વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો. તે જ રીતે, મશરૂમ કલ્ટિવેશન વિષયક સત્રો પણ ખૂબ જ રસપ્રદ રહ્યા. વ્યારા સ્થિત શ્રીમતી અંજના ગામિત દ્વારા મશરૂમ ખેતીના વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને પ્રાયોગિક પદ્ધતિઓ સરળ ભાષામાં સમજાવવામાં આવી. ભાગ લેનારાઓને સબસ્ટ્રેટ તૈયાર કરવું, સ્પોનિંગ અને અનુકૂળ પરિસ્થિતિઓ જાળવવાની તાલીમ આપવામાં આવી, જેના દ્વારા મશરૂમ ખેતીને ટકાઉ અને આવકજનક વ્યવસાય તરીકે રજૂ કરવામાં આવી.

આ વર્કશોપનું આયોજન પેટ્રોન ડૉ. કિશોરસિંહ એન. ચાવડા (કુલપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત)ના માર્ગદર્શન અને પ્રોત્સાહન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમની દૃષ્ટિ અને સમુદાય આધારિત વિજ્ઞાન તથા ટકાઉ પહેલનો આપેલ સતત સહયોગથી કાર્યક્રમને મજબૂત આધાર મળ્યો. કૉ–પેટ્રોન ડૉ. આર.સી. ગઢવી, (કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત)ના સહયોગથી કાર્યક્રમ વધુ અસરકારક બન્યો જેમણે ઉચ્ચ શિક્ષણમાં નાગરિકોની ભાગીદારી અને કુશળતા આધારિત શિક્ષણના મહત્વ પર ભાર મૂકયો. આ વર્કશોપનું સફળ આયોજન ડૉ. કૈલાશ પી. પટેલ, પ્રોફેસર અને વિભાગ વડા, બાયોસાયન્સિસ વિભાગ દ્વારા કરવામાં આવ્યો. જેમના નેતૃત્વ અને શૈક્ષણિક માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સુચારુ રીતે સંપન્ન થયો. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓ, સંશોધનાર્થીઓ અને અધ્યાપકોની સક્રિય ભાગીદારી જોવા મળી. ઇન્ટરએક્ટિવ સત્રો, પ્રદર્શન અને પ્રાયોગિક તાલીમના કારણે સમગ્ર વર્કશોપ અત્યંત માહિતીપ્રદ અને અસરકારક સાબિત થયો. કુલ મળીને, આ કાર્યક્રમ અત્યંત સમૃદ્ધ રહ્યો અને વૈજ્ઞાનિક જ્ઞાનને ટકાઉ જીવનોપાર્જન પ્રથાઓ સાથે જોડીને મજબૂત અને ટકાઉ ઇકોસિસ્ટમના નિર્માણમાં સમુદાય આધારિત અભિગમના મહત્વને ઉજાગર કર્યો.

## "Guiding for Excellence" વિષયક દ્વિ–દિવસીય વર્કશોપ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોસાયન્સ વિભાગ દ્વારા તા. ૦૯–૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન 'Guiding for Excellence' વિષયક દ્વિ–દિવસીય

વર્કશોપનું સફળ આયોજન નર્મદ સભાગૃહ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનું આયોજન પી.એમ.ઉષા (PM-USHA MERU) સોફ્ટ કોમ્પોનેન્ટ અંતર્ગત પ્રાયોજીત હતું અને તેનો મુખ્ય ઉદ્દેશ સંશોધન માર્ગદર્શનને મજબૂત બનાવવો તેમજ નવીનતાપ્રેરિત શૈક્ષણિક નેતૃત્વને પ્રોત્સાહન આપવાનો હતો.

આ કાર્યક્રમ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કે.એન. ચાવડાના પેટ્રોન તથા વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. વર્કશોપના સંયોજન તરીકે ડૉ. જયદીપ ચૌધરી (રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલ, વી.ન.દ.ગુ.યુ.)એ કામગીરી સંભાળી હતી, જ્યારે બાયોસાયન્સીસ વિભાગના ડૉ. પ્રવીણ દુધાગરા અને ડૉ. રાજેશ પટેલે કાર્યક્રમ સંયોજકો તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. બાયોસાયન્સિસ વિભાગના પ્રોફેસર અને વડા ડૉ. કૈલાશ પી. પટેલે ઇવેન્ટ તરીકે વર્કશોપના સફળ આયોજનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

આ વર્કશોપનો મુખ્ય હેતુ સંશોધન માર્ગદર્શકોને અસરકારક સંશોધન માર્ગદર્શન, સંશોધન નૈતિકતા અને આંતરવિષયક નવીનતા માટે જરૂરી આધુનિક જ્ઞાન અને કુશળતાઓથી સજ્જ કરવાનો હતો. સત્રોમાં શૈક્ષણિક નેતૃત્વને મજબૂત બનાવવું, પી.એચડી. સંશોધનાર્થીઓ માટે માર્ગદર્શન પદ્ધતિઓમાં સુધારો કરવો અને સંશોધન માર્ગદર્શનને રાષ્ટ્રીય તથા વૈશ્વિક સંશોધન પ્રાથમિકતાઓ સાથે સંકલિત કરવાના મુદ્દાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં પ્રતિષ્ઠિત નિષ્ણાતો તરીકે પ્રો. ડૉ. પ્રવીણ પુરાણિક (KBC North Maharashtra University, જલગાંવ), પ્રો.ડૉ. અનામિક શાહ(પૂર્વ કુલપતિ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ), પ્રો. રાજેશ પટેલ (બાયોસાયન્સીસ વિભાગ, VNSGU) અને ડૉ. પ્રવીણ દુધાગરા (બાયોસાયન્સીસ વિભાગ, VNSGU)એ માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત નિષ્ણાંતો દ્વારા One Nation One Subscription (ONOS), પ્લેગ્યરિઝમ ડિટેક્શન અને આધુનિક સંશોધન માર્ગદર્શન વ્યૂહરચનાઓ વિષયક માહિતીસભર સત્રો પણ યોજાયા હતા.

વર્કશોપમાં વિવિધ સંસ્થાઓના શૈક્ષણિક પ્રાધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સંશોધનાર્થીઓને અસરકારક માર્ગદર્શન, સંશોધન નૈતિકતા અને સંશોધન પ્રગતિના મૂલ્યાંકન માટેના સાધનો અંગે ઉપયોગી માહિતી મેળવી. આવા શૈક્ષણિક પ્રયાસો દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ઉચ્ચ ગુણવત્તાવાળા સંશોધન માર્ગદર્શન, સંશોધન નૈતિકતા અને શૈક્ષણિક શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપીને રાષ્ટ્રીય વિકાસના લક્ષ્યોને અનુરૂપ મજબૂત સંશોધન પરિસ્થિતિના નિર્માણ માટે સતત પ્રયત્નશીલ છે.

## આધુનિક વિશ્લેષણાત્મક તકનીકો વિષયક દ્વિ-દિવસીય કાર્યશાળા

વિદ્યાર્થીઓ, સંશોધકો અને શિક્ષકોમાં આધુનિક વિશ્લેષણાત્મક સાધનો અંગે વ્યવહારુ જ્ઞાન વિકસે તેવા હેતુથી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોસાયન્સ વિભાગ દ્વારા PM-USHA MERU સોફ્ટ કોમ્પોનેન્ટ અંતર્ગત તા. ૧૨ અને ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ "Mastering Analytical Techniques: GC-MS, HPLC, HPTLC" વિષયક બે દિવસીય કાર્યશાળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ ફાર્માસ્યુટિકલ, પર્યાવરણીય, ખાદ્ય, ઔષધીય તેમજ સંશોધન ક્ષેત્રોમાં વ્યાપક ઉપયોગમાં આવતી. GC-MS, HPLC અને HPTLC જેવી આધુનિક વિશ્લેષણાત્મક તકનીકો અંગે ઊંડાણપૂર્વકનું સૈદ્ધાંતિક અને પ્રયોગાત્મક જ્ઞાન પૂરું પાડવાનો હતો. કાર્યશાળામાં વિદ્યાર્થીઓ, સંશોધનાર્થીઓ તથા અધ્યાપકોની ઉત્સાહભેર હાજરી નોંધાઈ હતી.



કાર્યશાળામાં પ્રતિષ્ઠિત ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા નિષ્ણાતોએ સંસાધક તરીકે માર્ગદર્શન આપ્યું હતું. શ્ર પાર્થ બી.ત્રિવેદી, સિનિયર એપ્લિકેશન સ્પેશ્યાલિસ્ટ, એન્ક્રોમ એન્ટરપ્રાઈઝીસ પ્રા. લિ. મુંબઈ દ્વારા GC-MS વિષય પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેમાં સાધનની રચના, કાર્યપદ્ધતિ તથા વાસ્તવિક ઉપયોગોની ચર્ચા કરવામાં આવી હતી.

શ્રી જયેશ પટેલ, ડિરેક્ટર-ટેકનિકલ, સમર્થ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, વડોદરા દ્વારા HPLC તકનીક, મેથડ ડેવલપમેન્ટ અને ટ્રબલશૂટિંગ વિષયક ઉપયોગી માહિતી રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત શ્રી અબીદાલી અબ્દાલ, હેડ સિસ્ટમ્સ GC અને રિજનલ ટેક્નિકલ સપોર્ટ, ટોશવિન એનાલિટિકલ પ્રા.લિ. વડોદરા દ્વારા આધુનિક ક્રોમેટોગ્રાફિક સિસ્ટમ્સ અંગે વ્યવહારુ સમજ આપવામાં આવી હતી. શ્રી રાહિલ શેખ, આસિસ્ટન્ટ પ્રોફેસર, રસાયણશાસ્ત્ર વિભાગ, ભગવાન મહાવીર વિશ્વવિદ્યાલય (BMU), સુરત દ્વારા HPTLC તકનીક, સેમ્પલ તૈયારી અને ડેટા ઇન્ટરપ્રિટેશન વિષયક વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યશાળા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના આર્શીવાદ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. કૈલાશ પી. પટેલ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, બાયોસાયન્સ વિભાગ કાર્યરત રહ્યા હતા. ડૉ. ફર્ઝીન પરબીઆએ ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી તરીકે જવાબદારી સંભાળી હતી, જ્યારે ડૉ. ધારા ગામીત અને ડૉ. દીનાલી પટેલએ ઇવેન્ટ કૉ-ઓર્ડિનેટર તરીકે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

કાર્યશાળાના અંતે ભાગ લેનાર શિબિરાર્થીઓએ કાર્યક્રમની ઉપયોગિતા અને વ્યવહારુ અભિગમની ખૂબ પ્રશંસા કરી હતી અને આવા કાર્યક્રમો સંશોધન અને કારકિર્દી વિકાસ માટે અત્યંત જરૂરી હોવાનું વ્યક્ત કર્યું હતું. અંતે તમામ સંસાધકો, આયોજન સમિતિના સભ્યો, સ્વયંસેવકો તથા ભાગ લેનાર સૌનો આભાર વ્યક્ત કરીને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## ૭મી રાષ્ટ્રીય પરીષદ–બાયોલોજિકલ ટૂલ્સ ફોર સસ્ટેનેબલ એન્વાયરમેન્ટ (BTSE-2026)






જીવવિજ્ઞાન વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા PM-USHA MERU સોફ્ટ કોમ્પોનેન્ટ અંતર્ગત તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ "૭મી રાષ્ટ્રીય પરિષદ–બાયોલોજિકલ ટૂલ્સ ફોર સસ્ટેનેબલ એન્વાયરમેન્ટ (BTSE-2026)નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડાએ પણ પર્યાવરણ સંરક્ષણ, નવીનતા અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ભૂમિકા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા.

આ પરિષદનું આયોજન સંમેલન સંચાલક ડૉ. કૈલાસ પટેલના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું. આયોજક ડૉ. જાગૃતિ બારૉટ તથા સમિતિના સભ્યોના સમર્પિત પ્રયત્નો અને સુવ્યવસ્થિત આયોજનને કારણે કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો. આ પરિષદમાં આશરે ૧૪૫ ઍબ્સ્ટ્રૅક્ટ ધરાવતી ઍબ્સ્ટ્રૅક્ટ બુકનું વિમોચન પણ કરવામાં આવ્યું. આ પરિષદમાં મુખ્ય અતિથિ તરીકે Anand Kumar, કન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટ, ભરુચ સોશિયલ ફોરેસ્ટ્રી સર્કલ હાજર રહ્યા હતા. તેમણે પોતાના વ્યાપક ક્ષેત્ર અનુભવો રજૂ કરતાં ટકાઉ વન વ્યવસ્થાપન, જૈવવૈવિધ્ય સંરક્ષણ અને પર્યાવરણ રક્ષણમાં સમુદાયની ભાગીદારીનું મહત્વ વિશદ રીતે સમજાવ્યું.

પરિષદમાં દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓના નિષ્ણાંતોએ માર્ગદર્શન આપ્યું. Dr. Mahesh Thakkar, ડિરેક્ટર, Birbal Sahni Institute of Palaeosciences, લખનૌ દ્વારા "Understanding Environmental Stress and Recovery through Geological Time: Implications for Modern Life Sciences" વિષય પર અત્યંત માહિતીપ્રદ અને રસપ્રદ વ્યાખ્યાન આપવામાં આવ્યું. તેમના પ્રવચનમાં પ્રાચીન ભૂગર્ભીય પરિવર્તનો અને આજના જીવવિજ્ઞાન પર તેના પ્રભાવ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી.

Dr. Hitesh Saravaia, પ્રિન્સિપાલ સાયન્ટિસ્ટ, Central Salt and Marine Chemicals Research Institute, Bhavnagar દ્વારા "Marine Environment: Sustainable Critical Metals Mining from Seawater Resources" વિષય પર નિષ્ણાંત વ્યાખ્યાન આપવામાં આવ્યું. તેમણે સમુદ્રી સંસાધનો અને સમુદ્રજળમાંથી મહત્વપૂર્ણ ધાતુઓના ટકાઉ ઉત્ખનન અંગે વિસ્તૃત માહિતી આપી. તદુપરાંત, Dr. Ashish Shukla, એસોસિએટ પ્રોફેસર, Sir P.P.Institute of Science દ્વારા "Reintegrating Indian Knowledge Systems with Modern Bioscience: Ecological Ethics From Vedic Thought to Sustainable Futures" વિષય પર ઊંડાણપૂર્વકનું વ્યાખ્યાન આપવામાં આવ્યું. તેમણે વૈદિક વિચારધારા અને આધુનિક બાયોસાયન્સ વચ્ચેના સંબંધોના ટકાઉ ભવિષ્ય સાથે સંકળાવતાં મહત્વપૂર્ણ વિચારો રજૂ કર્યા.

પરિષદના અંતે વિવિધ ટ્રેક હેઠળ શ્રેષ્ઠ મૌખિક રજૂઆત અને શ્રેષ્ઠ પોસ્ટર રજૂઆત માટે વિજેતાઓની જાહેરાત કરવામાં આવી અને યુવા સંશોધકોને સન્માનિત કરવામાં આવ્યા. BTSEની ૭મી પરિષદે પર્યાવરણની ટકાઉતા માટે જૈવિક નવીનતા અને આંતરવિષયક સંવાદને પ્રોત્સાહિત કરવાનો પોતાનો સંકલ્પ વધુ મજબૂત બનાવ્યો છે.

## 'Towards Green Academic'' વિષયક પાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોસાયન્સ વિભાગ દ્વારા તા. ૨૩ થી ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન "Towards Green Academic: Teaching, Research and Institutional Sustainability'' વિષયક પાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું સફળ આયોજન વિશ્વવિદ્યાલયના નર્મદ સભાગૃહ ખાતે કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપનું આયોજન પી.એમ.ઉષા (PM-USHA MERU) સોફ્ટ કોમ્પોનેન્ટ અંતર્ગત પ્રાયોજીત હતું અને રાજ્ય સ્તરના કાર્યક્રમ તરીકે યોજાયો હતો.

આ FDPનો મુખ્ય ઉદ્દેશ ઉચ્ચ શિક્ષણમાં સસ્ટેનેબિલિટી સિદ્ધાંતોને શિક્ષણ, સંશોધન અને સંસ્થાકીય પ્રથાઓમાં સંકલિત કરવો હતો. કાર્યક્રમ દ્વારા શિક્ષકો અને સંશોધન અને સંસ્થાકીય પ્રથાઓમાં સંકલિત કરવો હતો. કાર્યક્રમ દ્વારા શિક્ષકો અને સંશોધકોને પર્યાવરણમિત્ર શિક્ષણ પદ્ધતિઓ, સસ્ટેનેબિલિટી આધારિત સંશોધન અને ગ્રીન કેમ્પસ પહેલો અપનાવવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. આ કાર્યક્રમ SDGs, NEP 2020, NAAC અને NIRF જેવી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય માળખાઓ સાથે સુસંગત રીતે આયોજન કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના પેટ્રોનેજ હેઠળ તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. જયદીપ ચૌધરી (Research & Development Cell, VNSGU)એ કામગીરી સંભાળી હતી, જ્યારે ડૉ. શ્રીધર નિમાવત અને ડૉ. જિગ્ના દેસાઈએ ઇવેન્ટ કૉ–ઓર્ડિનેટર તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. બાયોસાયન્સ વિભાગના પ્રોફેસર અને વડા ડૉ. કૈલાશ પી. પટેલે ઇવેન્ટ કન્વીનર તરીકે સમગ્ર કાર્યક્રમના સફળ આયોજનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રતિષ્ઠિત નિષ્ણાંતોએ સસ્ટેનેબિલિટી અને પર્યાવરણ સંરક્ષણ સંબંધિત વિવિધ વિષયો પર માહિતીસભર વ્યાખ્યાનો આપ્યા હતા. તેમાં પ્રોફેસર ડૉ. દેવયાની ટિપ્રે (ગુજરાત વિશ્વવિદ્યાલય) દ્વારા E-waste: Turning Trash into Treasure, ડૉ. પ્રમોદકુમાર વર્મા (નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય) દ્વારા Biodiversity Conervation for Sustainable Agriculture, શ્રી ભવદીપ શાહ (MANTRA, સુરત) દ્વારા Energy Management and Green Audit તથા ડૉ. ભૌમિક સુતરિયા (CSMCRI, ભાવનગર) સહિતના નિષ્ણાંતોએ પણ સસ્ટેનેબિલિટી અને ઉર્જા સંચાલન વિષયક મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં ભાગ લેનાર શિક્ષકો અને સંશોધનાર્થીઓને કેમ્પસાગ્રીન ઓડિટ, એનર્જી ઓડિટ અને કાર્બન ક્રેડિટ મૂલ્યાંકન જેવી પ્રવૃત્તિઓમાં પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. સાથે સાથે વિશ્વવિદ્યાલય કેમ્પસને કેસ સ્ટડી તરીકે લઈ ડેટા કલેક્શન, સસ્ટેનેબિલિટી મૂલ્યાંકન અને ઓડિટ ડોક્યુમેન્ટેશન વિશે પણ પ્રાયોગિક સમજ આપવામાં આવી હતી. આ પાંચ દિવસીય કાર્યક્રમમાં વિવિધ સંસ્થાઓના પ્રાધ્યાપકો અને સંશોધનાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ગ્રીન કેમ્પસ તથા સસ્ટેનેબિલિટી વિકાસ અંગે ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કર્યું. આવા શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પર્યાવરણલક્ષી શિક્ષણ, સંશોધન અને સંસ્થાકીય સસ્ટેનેબિલિટી પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી રહ્યું છે અને ભવિષ્યમાં ગ્રીન અને સસ્ટેનેબલ એકેડેમિક પરિસ્થિતિના નિર્માણ તરફ મહત્વપૂર્ણ પગલું ભરી રહ્યું છે.

## Department of Comparative Literature

### अंतर्राष्ट्रीय महिला दिवस



वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय, सूरत के तुलनात्मक साहित्य विभाग द्वारा अंग्रेजी विभाग के सभागृह नवलराम हॉल में दिनांक ०७ मार्च, २०२६ शनिवार को प्रातः ११:३० बजे **"अंतर्राष्ट्रीय महिला दिवस"** के अवसर पर भव्य काव्य-सम्मेलन का आयोजन किया गया । कार्यक्रम का उद्देश्य नारी-शक्ति, सृजन-चेतना और साहित्य-साधना के माध्यम से स्त्री के योगदान को रेखांकित करना था ।। इस अवसर पर विश्वविद्यालय के कुलगुरु आदरणीयश्री किशोरसिंह एन. चावड़ा मुख्य रूप से उपस्थित रहे । उन्होंने अपने संबोधन में कहा कि महिला दिवस समाज में स्त्री के सम्मान, समानता और सशक्तिकरण के प्रति जागरूकता बढ़ाने का महत्वपूर्ण अवसर है ।। काव्य-सम्मेलन में डॉ. यामिनी व्यास, डॉ. प्रज्ञा वाशी, डॉ. रीता त्रिवेदी, डॉ. पन्ना त्रिवेदी तथा डॉ. ज्योति सिंह ने अपनी भावपूर्ण कविताओं का पाठ किया। उनकी रचनाओं में नारी जीवन के संघर्ष, संवेदना और सृजनशीलता का प्रभावशाली चित्रण प्रस्तुत हुआ, जिसे श्रोताओं ने खूब सराहा ।। कार्यक्रम का आयोजन तुलनात्मक साहित्य विभाग के अध्यक्ष डॉ. मुकेश वसावा द्वारा किया गया, जबकि विश्वविद्यालय के कुलसचिवश्री डॉ. रमेश दान गढ़वीजीने सभी अतिथियों और प्रतिभागियों के प्रति आभार व्यक्त किया। कार्यक्रम का समापन धन्यवाद ज्ञापन के साथ हुआ ।।

### 'ગીતા કંઠપાઠ અને શત સુભાષિત કંઠપાઠ'




ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે, 'યોજના પંચકમ્'ના સફળ અમલીકરણ અર્થે તાજેતરમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૭

ફેબ્રુઆરી, ૨૦૨૬ શનિવારના રોજ વિશ્વવિદ્યાલયના અંગ્રેજી વિભાગ સ્થિત 'નવલરામ સભાગૃહ' ખાતે શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શત સુભાષિત કંઠપાઠ સ્પર્ધા અત્યંત ઉત્સાહભેર યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટય અને મંગલ સંસ્કૃત મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ અધ્યક્ષ સ્થાન શોભાવ્યું હતું. તેમણે પોતાના પ્રેરક વકતવ્યમાં સંસ્કૃત ભાષાને સંસ્કારોની જનની ગણાવી વિદ્યાર્થીઓને ગીતાના મૂલ્યો જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત વિશ્વવિદ્યાલયના ઇ.ચા.કુલસચિવશ્રી ડૉ. નરેન્દ્ર આર. પટેલ સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમના નિમંત્રક અને નોડલ ઓફિસર ડૉ. મુકેશ વસાવાએ તમામ અતિથિઓનું ભાવભર્યું સ્વાગત કરી સ્પર્ધાના ઉદ્દેશ્યો અને રૂપરેખા રજૂ કરી હતી. શ્રીમદ્ ભગવદ્ ગીતા કંઠપાઠ સ્પર્ધામાં કુલ ૦૮ પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. જેમાંથી પ્રથમ ક્રમ હિરલ હિરેન વૈદ્ય, દ્વિતીય ક્રમ અમિતા શુક્લ અને તૃતીય ક્રમ શીતલ પ્રદીપ આરાધ્યે પ્રાપ્ત થયો હતો. જ્યારે શત સુભાષિત કંઠપાઠ સ્પર્ધામાં કુલ ૧૬ પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ જયશ્રીબેન વિઠ્ઠલભાઈ ભગત, દ્વિતીય ક્રમ ક્રિષ્ના કિશોરચંદ્ર પટેલ અને તૃતીય ક્રમ જાની વીર વિશાલભાઈને પ્રાપ્ત થયો હતો. યુવા પેઢીમાં ભારતીય સંસ્કૃતિ, નૈતિક મૂલ્યો અને સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી આ સ્પર્ધા એક 'માઈલસ્ટોન' સમાન સાબિત થઈ છે. કાર્યક્રમના અંતમાં તમામ વિજેતાઓને મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને આભારવિધિ બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી.

## Department of Sociology

### ત્રણ મહિનાના 'ટેકનીકલ આસિસ્ટન્ટ અને સોફ્ટ સ્કિલ્સ ડેવલોપમેન્ટ' ટ્રેનિંગ પ્રોગ્રામનો સમાપન સમારોહ તથા પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શન તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના સાથ સહકારથી સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા MSW પ્રોગ્રામ દ્વારા અંબુજા ફાઉન્ડેશનના સેડી, સુરતના સહયોગથી 'ટેકનિકલ આસિસ્ટન્ટ અને સોફ્ટ સ્કિલ્સ ડેવલોપમેન્ટ' વિષયક ત્રણ મહિનાના કરિયર એક્સીલેટર ટ્રેનિંગ પ્રોગ્રામનો સમાપન સમારોહ તથા પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ તા. ૨૫/૦૩/૨૦૨૬ના રોજ આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સેડી સુરત અંબુજા ફાઉન્ડેશનના ઇન્ચાર્જ, શ્રી ટી.એન.સંદીપ, સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને MSW પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટર, ડૉ. એમ.એન.ગાયકવાડ, વિભાગના અધ્યાપક અને ટ્રેનીગ પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટર, ડૉ. નવીનકુમાર રોહિત અને વિભાગના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. એમ.એન.ગાયકવાડ દ્વારા સ્વાગત ઉદ્દબોધનમાં કૌશલ્ય આધારિત શિક્ષણની આવશ્યકતા પર ભાર મૂકયો હતો. જ્યારે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત સેડી સુરતના ઇન્ચાર્જશ્રી ટી.એન.સંદીપે રોજગાર ક્ષમતા માટે ટેકનિકલ અને સોફ્ટ સ્કિલ્સના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ત્રણ મહિનાની આ તાલીમમાં કુલ ૩૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તાલીમ દરમિયાન ટેકનિકલ કુશળતા, MS ઓફિસ, એ.આઈ. કમ્યુનિકેશન, ટીમ વર્ક અને વ્યકિતત્વ વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેથી વિદ્યાર્થીઓને 'જોબ રેડી' બનાવી શકાય. કાર્યક્રમ દરમ્યાન તાલીમાર્થી વિદ્યાર્થીઓ દ્વારા પોતાના અનુભવો રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો વિતરણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા MSW પ્રોગ્રામના અધ્યાપક અને ટ્રેનિંગના આયોજનમાં પાયાની ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ સેમ.૪ની વિદ્યાર્થીની કુ. સૃષ્ટિ માંન્ગુકીયાએ કર્યું હતું. જ્યારે આભારવિધિ હેત પ્રજાપતિએ કરી હતી.

## Department of English

### International Conference on Contemporary Trends in English Studies













The Department of English at Veer Narmad South Gujarat University, Surat, successfully organised a two-day International Conference on “Contemporary Trends in English Studies” on March 10–11, 2026. The conference was held under the esteemed guidance of the Hon’ble Vice-Chancellor, Dr Kishorsinh N. Chavda, and the Hon’ble Registrar, Dr Ramesdan Gadhvi. Conducted in a hybrid format (online and offline), the conference enabled both in-person participation on the university campus and online participation from across India, thereby facilitating broader academic engagement and accessibility. The event brought together academicians, research scholars, and students who contributed to a vibrant exchange of ideas on emerging developments in English language and literary studies. The conference also featured distinguished international resource persons from Thailand and Hong Kong, while participants joined from several Indian states, including Gujarat, Madhya Pradesh, Odisha, Uttar Pradesh, and Rajasthan.

The conference commenced with the inaugural session that began with a welcome address delivered by Dr Mahesh Kumar Dey, Head of the Department of English. In his address, he emphasised the importance of academic dialogue and collaborative research in advancing the humanities. This was followed by a thematic introduction by the conference coordinator, Dr Sunil Shah, who outlined the conference's objectives and highlighted the relevance of examining contemporary developments in English studies, particularly amid rapid technological, cultural, and interdisciplinary transformations.

In his inaugural address, the Hon’ble Vice-Chancellor, Dr Kishorsinh N. Chavda, spoke about the evolving scope of English studies in the contemporary academic landscape and encouraged scholars to engage with interdisciplinary approaches and innovative research methodologies.

The conference featured a keynote address and a series of plenary lectures delivered by eminent scholars. The Keynote Address was delivered by Prof. David D. Perrodin, English Language Specialist at the Institute for Population and Social Research, Mahidol University, Thailand, on the topic “Rehumanizing English Studies in the Age of Artificial Intelligence: Equity, Identity, and the Future of Language Education.” The lecture examined the transformative impact of artificial intelligence on English studies. It emphasised the importance of maintaining the humanistic core of language and literary education in an increasingly technology-driven world.

The conference also hosted several Plenary Lectures by distinguished scholars. Prof. Dilip Barad, Professor and Head, Department of English, Maharaja Krishnakumarsinhji Bhavnagar University, delivered a plenary lecture on “The Plurilingual Cyborg: AI, Posthuman Ethics, and Inclusive English Studies.” His lecture explored the intersection of artificial intelligence, posthumanist thought, and inclusive pedagogical practices in contemporary English studies.

Prof. James Simpson, Professor and Acting Head in the Division of Humanities and Director of the MA International Language Education programme at the Hong Kong University of Science and Technology, delivered a plenary lecture titled “Translanguaging, Belonging and Mobility.” His talk examined how linguistic practices shape identity, belonging, and mobility in multilingual and migratory contexts.

Another plenary lecture was delivered by Prof. Anand Mahanand, Professor in the Department of Materials Development, Testing and Evaluation and Foreign Students Director at the Centre for Consultancy and Language Training (CCLT), The English and Foreign Languages University, Hyderabad. His lecture titled “Indigenizing English Language Education: Integration of Indian Languages in the Teaching of English” highlighted the importance of multilingual approaches and the integration of Indian languages and cultural contexts in English language teaching.

The conference also featured the H. C. Trivedi Memorial Lecture, delivered by Prof. Kalpana Purohit, Former Professor and Head of the Department of English and Former Dean of the Faculty of Arts, Education and Social Sciences at Jai Narain Vyas University, Jodhpur. Her lecture, titled "Echoes of the Past: Retellings of Mythology in Contemporary Indian Narratives," examined how modern Indian writers reinterpret mythological narratives to address contemporary social, cultural, and ethical concerns.

Over the course of the two-day conference, 130 participants attended, of whom 103 presented research papers in multiple parallel technical sessions conducted in both online and offline formats. The research papers addressed a wide range of themes reflecting contemporary developments in English studies. Major thematic areas included English for Employability, Artificial Intelligence in English Education, English in the Digital Era, AI and Language Acquisition in Multilingual Contexts, and the Evolution of Literary Genres in the Age of Technology. Several papers also explored AI for Collaborative Learning and Creative Writing, demonstrating how digital tools are transforming pedagogical practices and literary creativity.

Additional sessions focused on important areas such as Postcolonial (Re)reading of Literatures, Comparative and World Literatures, Literature and Social Justice, Ecocriticism and Environmental Humanities, Translation Studies, Interdisciplinary Approaches to Literature and Culture, Global Literatures in English, Digital Humanities and Literature, and Teaching English as a Second Language. These sessions encouraged meaningful academic dialogue and critical engagement among scholars, reflecting the interdisciplinary and evolving nature of English studies in the contemporary academic context.

The conference concluded with the Valedictory Session, presided over by Dr Manish Sidhpuria, Head of the Department of Business and Industrial Management, VNSGU, Surat. In his address, he reflected on the continuing relevance of literature and language studies in fostering critical thinking, cultural awareness, and ethical engagement in contemporary society. He appreciated the Department of English for successfully organising an international academic event that brought together scholars from diverse academic backgrounds and research interests.

The event concluded with a Vote of Thanks delivered by Dr Sunil Shah, the conference coordinator, who expressed sincere gratitude to the Hon'ble Vice-Chancellor and Hon'ble Registrar for their guidance and support. He also acknowledged the valuable contributions of the keynote and plenary speakers, paper presenters, participants, organising committee members, volunteers, and student coordinators whose collective efforts ensured the smooth and successful conduct of the conference.

Overall, the International Conference on "Contemporary Trends in English Studies" served as an important intellectual platform for scholars to deliberate on emerging issues in literature, language, and culture. Through stimulating lectures, insightful discussions, and diverse research presentations, the conference significantly contributed to contemporary academic discourse. It marked another milestone in the Department of English's continued commitment to academic excellence at Veer Narmad South Gujarat University.

## આંતરરાષ્ટ્રીય પરિસંવાદ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અંગ્રેજી વિભાગ દ્વારા માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના સમર્થ માર્ગદર્શન હેઠળ તારીખ ૧૦–૧૧ માર્ચ, ૨૦૨૬ દરમિયાન "કન્ટેમ્પરરી ટ્રેન્ડ્સ ઇન ઈંગ્લીશ સ્ટડીઝ" વિષય પર ૨ (બે) દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં દેશ અને વિદેશના વિદ્વાનો તેમજ શિક્ષણવિદોએ ઉત્સાહપૂર્વક સહભાગી થઈને તેની સફળતામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. મહેશકુમાર ડે દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત પ્રવચન અને પરિસંવાદના સમન્વયક ડૉ. સુનીલ શાહ દ્વારા વિષયવસ્તુના પરિચય સાથે થયો હતો. માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ તેમના પ્રેરક ઉદબોધનમાં અંગ્રેજી અધ્યયનમાં ઊભરી રહેલા નવા પ્રવાહોના મહત્વ પર ભાર મૂક્યો હતો અને આ આયોજન માટે પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પરિસંવાદમાં અનેક પ્રતિષ્ઠિત વિદ્વાનોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ડૉ. ડેવિડ પેરોડિને "રિહરેહ્યુમનાઈઝિંગ ઈંગ્લિશ સ્ટડીઝ ઇન ધી એજ ઓફ આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્ર્સ" વિષય પર મુખ્ય પ્રવચન આપ્યું હતું, જ્યારે ડૉ. દિલીપ બારડ, ડૉ. જેમ્સ સિમ્પસન અને ડૉ. આનંદ મહાનદ દ્વારા પ્લીનરી વ્યાખ્યાનો આપવામાં આવ્યા હતા. વધુમાં, એચ. સી. ત્રિવેદી મેમોરિયલ લેક્ચર તરીકે ડૉ. કલ્પના પુરોહિતે 'રીટેલિંગ્સ ઓફ મિર્થ' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. આમહાનુભાવોના જ્ઞાનવર્ધક વિચારોએ કાર્યક્રમની બૌદ્ધિક ગરિમામાં વધારો કર્યો હતો. હોંગકોંગ,

થાઈલેન્ડ અને ભારતના મધ્યપ્રદેશ, કેરળ તથા ગુજરાત જેવા વિવિધ રાજ્યોના સંશોધકોની ઉપસ્થિતિએ આ શૈક્ષણિક આદાનપ્રદાનમાં વૈવિધ્ય અને સમૃદ્ધિ ઉમેરી હતી, જેનાથી ભારતીય અને વૈશ્વિક સાહિત્યિક પરંપરાઓની ઊંડી સમજ કેળવવામાં સહાય મળી હતી.

બે દિવસની આ પરિસંવાદ દરમિયાન હાજર રહેલ કુલ ૧૩૦ સંશોધનાર્થી પૈકી ૧૦૩ સંશોધનાર્થીઓ દ્વારા સંશોધન પત્રો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં રોજગારલક્ષી અંગ્રેજી, અંગ્રેજી શિક્ષણમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ડિજિટલ યુગમાં અંગ્રેજી, બહુભાષી સંદર્ભમાં AI અને ભાષા પ્રાપ્તિ, AI અને સાહિત્યિક પ્રકારોનો વિકાસ, તથા સર્જનાત્મક લેખન માટે AI જેવા આધુનિક વિષયોનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત સાહિત્યનું ઉત્તર–સંસ્થાનવાદી પુનઃવાંચન, તુલનાત્મક અને વિશ્વ સાહિત્ય, સાહિત્ય અને સામાજિક ન્યાય, પર્યાવરણીય વિવેચન, અનુવાદ વિજ્ઞાન, આંતરશાખાકીય અભિગમો, વૈશ્વિક અંગ્રેજી સાહિત્ય, ડિજિટલ હ્યુમેનિટીઝ અને દ્વિતીય ભાષા તરીકે અંગ્રેજીના શિક્ષણ જેવા વિષયો પર ગહન ચર્ચાઓ થઈ હતી. સમાપન સમારોહમાં ડૉ. મનીષ સિદ્ધપુરિયાએ અધ્યક્ષસ્થાનેથી સાહિત્ય અને ભાષાના અભ્યાસની પ્રસ્તુતતા પર પ્રકાશ પાડયો હતો અને સફળ આયોજન બદલ અંગ્રેજી વિભાગની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અંતે ડૉ. સુનીલ શાહ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી, જેમાં તેમણે તમામ વક્તાઓ અને સહભાગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રોફેસર સુનીલ શાહના સંકલન હેઠળ, આ પરિષદ સાહિત્ય, સંસ્કૃતિ અને ભાષાના અભ્યાસ માટે એક પ્રબુદ્ધ બૌદ્ધિક મંચ બની રહી હતી. આ શૈક્ષણિક વિમર્શ અને સંશોધન પ્રદાન દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયએ શૈક્ષણિક શ્રેષ્ઠતાના ક્ષેત્રમાં વધુ એક સીમાચિહ્ન પ્રસ્થાપિત કર્યું છે.

## Department of Statistics

### One Day National Seminar on "Indian Statistical Knowledge System (ISKS-2026)"




The Department of Statistics, Veer Narmad South Gujarat University (VNSGU), Surat successfully organized a One Day National Seminar on "Indian Statistical Knowledge System (ISKS-2026)" under the PM–USHA (Soft Component) Scheme on 7 March 2026.







The seminar commenced with the Inaugural Session at 9:00 AM, which included the University Song, lighting of the ceremonial lamp, and felicitation of the dignitaries. The programme began with the welcome address by Dr. A. J. Rajyaguru, Professor and Head, Department of Statistics, and Convener of the seminar, who introduced the theme and objectives of the seminar and highlighted the importance of exploring the rich heritage and contemporary relevance of Indian statistical knowledge.

Dr. N. R. Patel, Deputy Registrar, VNSGU, addressed the gathering and emphasized the significant role of statistical knowledge in academic research, governance, and evidence-based policy formulation. The inaugural session concluded with a Vote of Thanks delivered by Dr. Shital S. Patel, Organizing Secretary of the seminar.

The seminar featured a Keynote Address by Prof. (Rtd.) Pankaj Nagar, Department of Statistics, University of Rajasthan, Jaipur, on the topic "Indian Statistical Knowledge in Health, Agriculture, and Governance: Past to Present." In his insightful lecture, he discussed the historical evolution of statistical practices in India and their continuing relevance in modern governance and development planning.

Two invited lectures were also delivered during the seminar. Mr. Kamlesh Soni, Senior Statistical Officer, Ministry of Statistics and Programme Implementation (NSO–FOD), Surat, delivered a lecture highlighting the role of official statistics and the functioning of the National Statistical System in India.

Another invited lecture was delivered by Dr. Sejal A. Desai, I/C Principal, J. Z. Shah Arts & H. P.

Desai Commerce College, Amroli, Surat, on "Ancient and Modern Quality Control Techniques from an Indian Perspective." Her lecture provided an interesting perspective connecting traditional knowledge systems with modern statistical quality control methods.

In the afternoon technical sessions, participants presented their research work through parallel oral and poster presentation sessions. A total of 21 oral paper presentations and 24 poster presentations were presented by undergraduate and postgraduate students, research scholars, and faculty members, showcasing diverse applications of statistics and emerging research ideas.

The seminar witnessed enthusiastic participation of about 162 participants from various colleges, institutions, and universities, including faculty members, research scholars, and students.

The programme concluded with a Valedictory Session, during which Prof. (Rtd.) Pankaj Nagar and Prof. (Rtd.) R. D. Patel, Former Head, Department of Statistics, VNSGU, addressed the participants and encouraged young researchers to explore innovative areas of statistical research.

During the valedictory session, the Best Oral Presentation Award and Best Poster Presentation Award were announced and presented to outstanding participants. Ms. Bhoomi Panchal, M.Sc. (Applied Statistics) Semester IV student, received the Best Poster Presentation Award, while Ms. Komal Champaneri, Ph.D. Research Scholar, Department of Statistics, VNSGU, received the Best Oral Presentation Award.

The Department expressed its sincere gratitude to the session chairpersons Prof. (Rtd.) Pankaj Nagar, Prof. (Rtd.) R. D. Patel, Dr. Sanjay Patel (Udhna Citizen College, Udhna), and Dr. Anil Maisuriya (Navyug Commerce College, Surat) for chairing the technical sessions and providing valuable guidance to the presenters.

The organizing committee also expressed heartfelt gratitude to Dr. Kishoresinh N. Chavda, Hon'ble Vice Chancellor, VNSGU; Dr. R. C. Gadhvi, Registrar; and Prof. Jaydeep Chaudhari, PM-USHA Coordinator, for their constant support and encouragement in organizing the seminar.

The Department also acknowledged the gracious presence and guidance of distinguished academicians including Prof. (Rtd.) R. T. Ratani, Prof. (Rtd.) R. D. Patel, alumni Dr. Ramaben Travdi, and several other senior faculty members who attended the seminar.

The seminar concluded with the National Anthem and a group photograph, marking the successful completion of a meaningful academic event that highlighted the rich heritage and contemporary relevance of India's statistical knowledge system.

## National Workshop on Time Series Analysis Using Open-Source Software"




The Department of Statistics, Veer Narmad South Gujarat University (VNSGU), Surat, successfully organized a Two Days National Workshop on "Time Series Analysis Using Open-Source Software" under the PM-USHA (Soft Component) during 13–14 March 2026.

The workshop witnessed enthusiastic national participation from Postgraduate students and research scholars from different parts of India. The programme was specially designed for PG and research students and was conducted with limited capacity of 70 seats to ensure effective academic interaction and hands-on learning. The registrations received from across the country reflected the growing academic interest in modern statistical methods and open-source analytical tools.

During the workshop, eminent experts including Dr. N. Balakrishna (Indian Institute of Technology Tirupati), Dr. Mahesh Kumar Panda (Ravenshaw University, Odisha), Dr. Manik Awale (Savitribai Phule Pune University), Dr. Tejas Ghadiyali and Dr. Anil Maisuriya delivered lectures and practical sessions on various aspects of time series modelling and its implementation using open-source software.

The programme was organized under the guidance of Dr. Kishorsinh N. Chavda, Hon'ble Vice-Chancellor, VNSGU, and Dr. Rameshdan C. Gadhavi, Registrar, VNSGU, with Dr. Jaydeep Chaudhari as PM-USHA Coordinator.

The workshop was convened by Dr. Arti J. Rajyaguru, Professor & Head, Department of Statistics, and coordinated by Dr. Shital S. Patel, Assistant Professor, Department of Statistics, VNSGU.

Participants appreciated the academic depth, practical orientation and interactive nature of the workshop, which helped them strengthen their understanding of modern time series techniques and their applications in research and real-world data analysis.

## મહાવિદ્યાલય સમાચાર

### પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### વાર્ષિકોત્સવ અંતર્ગત 'સ્વસ્તિકઃ કારવા હુનર કા' નામે ભવ્ય આયોજન"



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા વાર્ષિકોત્સવ અંતર્ગત 'સ્વસ્તિકઃ કારવા હુનર કા' નામે ભવ્ય અને રંગોરંગ સાંસ્કૃતિક કાર્યક્રમ પિંક પેલેસ સપ્તપદી પાર્ટી પ્લોટ, આઉટર રીંગ રોડ, ગણેશપુરા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ભારત સરકાર દ્વારા પદ્મશ્રીથી સન્માનિત શ્રી નિલેષભાઈ માંડલેવાલા (Founder & President -Donate Life), દિનેશ દાખાની (Chairman, Liberty Group), શ્રી રાજેશભાઈ સુરાણા (Yuva Gaurav Awardee: Social Worker and Businessman; Founder, Mega Blood Donation Drive (Guinness World Record Holder); Associate with Various Organisation), શૈક્ષણિક ક્ષેત્રના ગૌરવ સમાન ડૉ. કિશોરસિંહ એન. ચાવડા (ViceChancellor - Veer Narmad South Gujarat University, Surat), શ્રી નરેશભાઈ વરીયા, શ્રી સવજીભાઈ પટેલ (માધવબાગ શાળા), ડૉ. સતીશ પટેલ, શ્રી જે.બી.વનાર (પી.આઈ. અમરોલી) જેવા પ્રતિષ્ઠિતની ઉપસ્થિત રહી હતી. જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, શ્રી ગીરધરગોપાલ મુન્દ્રા, માનદમંત્રીશ્રી અશ્વિન પટેલ, અનુજભાઈ શાહ મંડળના સભ્યોશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, શ્રી સંપતભાઈ શાહ, શ્રી સ્નેહલભાઈ શાહ, જીવન જ્યોત ટ્રસ્ટની શાળાના આચાર્યશ્રી કેયુરભાઈ શાહ, શ્રી દિલીપભાઈ પરમાર, અંજનીબેન જાની તથા માજી આચાર્ય શ્રીમતી કલ્પનાબેન દેસાઈ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. બી.બી.એ., બી.સી.એ., બી.કોમ., બી.એસ.ડેટા સાઈન્સ, એમ.એસ.સી.આઈ.ટી., એમ.કોમ. મળી કુલ ૩૯૬૦ વિદ્યાર્થીની અચૂક હાજરી જોવા મળી હતી. કૉલેજના કુલ ૧૧૨ વિદ્યાર્થીઓને વિવિધ કૃતિઓ રજૂ કરી શ્રોતાઓને જકડી રાખ્યા હતા. કાર્યક્રમમાં જીવન જ્યોત ટ્રસ્ટનાં સ્થાપક પરમ પૂજ્ય સ્વ. કાંતિભાઈ શાહનો AI જનરેટેડ વિડીયો દર્શકોને બતાવી ભાવવિભોર કરી દીધા હતા. વિડીયોમાં જીવન જ્યોત ટ્રસ્ટની સંઘર્ષભરી સફર અને મજબૂત સંસ્કારમુલક પરંપરાનો સુંદર પરિચય આપવામાં આવ્યો હતો. આ અવસરે શૈક્ષણિક, રમતગમત અને વિવિધ પ્રવૃતિઓમાં સિદ્ધિ બદલ ત્રણેય વર્ષોના વિદ્યાર્થીઓ, રમતગમત વિજેતા, એન.સી.સી. અને એન.એસ.એસ.ના વિદ્યાર્થી અને કૉલેજના બાબા સાહેબ ઓપન વિશ્વવિદ્યાલય સેન્ટરના ટોપર્સ વિદ્યાર્થીઓને મહેમાનો હસ્તે ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યું હતું. તદુપરાંત કૉલેજના અધ્યાપકો પૈકી પુસ્તક લખનાર તેમજ શૈક્ષણિક સિદ્ધિ મેળવનાર અધ્યાપકોનું પણ મહેમાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પૈકી ૩૧ વિદ્યાર્થીઓ સરકારશ્રીની વિવિધ જેવી કે, જજ, ક્લાસ વન ઓફિસર, ઇન્કમટેક્ષ ઓફિસર, પી.એસ.આઈ વગેરે જગ્યા પર કાર્યરત એવા વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. વાર્ષિકોત્સવનું સફળ આયોજન અને સંચાલન પ્રિન્સીપાલ ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. સોયેબ મેમણ, કૉલેજ તમામ કૉ–ઓર્ડિનેટર તેમજ કૉલેજના સર્વ સ્ટાફ સભ્યોનાં સંકલન, ટીમવર્કનાં પરિણામે સમગ્ર કાર્યક્રમ ભવ્ય અને સફળ રહ્યો હતો. કાર્યક્રમનું એન્કરીંગ પ્રા. ડૉ. ચક્ષુ શાહ, પ્રા. ઈશા દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં અંતે વિદ્યાર્થી અને વાલી આમંત્રિત મહેમાનો આભાર માની રાષ્ટ્રગીતથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### ૬ ગુજરાત ગર્લ્સ બટાલિયનની NCC કેડેટ્સે National Mounting Campમાં ભાગ લીધો



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીની ૬ ગુજરાત ગર્લ્સ બટાલિયનની કેડેટ્સે તા. ૦૧/૦૩/૨૦૨૬ થી ૧૦/૦૩/૨૦૨૬ દરમિયાન યોજાયેલ Rock Climbing Training Campમાં ભાગ લીધો હતો. કેમ્પમાં બંને કેડેટ્સે વિવિધ તાલીમ કાર્યક્રમો, શારીરિક પ્રવૃત્તિઓ અને પરીક્ષાઓ તેમજ શિસ્ત,

ટીમ, વર્ક, નેતૃત્વ અને શારીરિક ક્ષમતા અંગે મહત્વપૂર્ણ અનુભવ પ્રાપ્ત મેળવ્યા હતા. કેમ્પમાં Artificial Sports Climbing Competitionમાં ૧૦૩ કેડેટ્સે ભાગ લીધો હતો. જેમાં કૉલેજની કેડેટ્સ ઇશા વામજાએ બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. કેમ્પ લેવાયેલ પરીક્ષામાં ઈશા વામજાએ A Grade અને ઇશા પ્રજાપતિએ B Grade પ્રાપ્ત કર્યો હતો. બંને કેડેટ્સોની આ સિદ્ધિ હાંસલ કરવા બદલ આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી, એન.સી.સી. ઓફિસર ડૉ. અનિલા પિલ્લાઈ તેમજ સમગ્ર સ્ટાફ તથા ટ્રસ્ટ અભિનંદન પાઠવે છે.

## પીએચ.ડી.




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી, સુરતના અર્થશાસ્ત્ર વિષયનાં એડહોક વ્યાખ્યાતા ડૉ.યાદવ સુનિતા યોગેન્દ્રને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તરફથી એમણે રજૂ કરેલ "A Study on Socio-Economic Condition of Migrant Labour in Texttile Industry with Reference to Surat City" વિષય પરના મહાશોધ નિબંધને માન્યતા આપી પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે. તેમણે શ્રી જે.બી. ધારૂકાવાલા મહિલા આર્ટસ કૉલેજ, સુરતના આચાર્યશ્રી ડૉ. દિલીપ એલ. વરસાણીનાં માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિષયમાં સંશોધન કાર્ય કરેલ છે. તેમની આ સિદ્ધિ બદલ કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી, તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવનજ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક અને ઔદ્યોગિક મુલાકાત




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ દ્વારા તા. ૧૪/૦૩/૨૦૨૬નાં રોજ બી.બી.એનાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક અને ઔદ્યોગિક મુલાકાત ગોઠવવામાં આવી હતી. BBAના કુલ ૧૦૯ વિદ્યાર્થીઓએ Adani Hazira Port Ltd. Wilmar International Ltd., Balaji Private Limited અને Shrimad Ramchandra Ashramની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ઉદ્યોગોની વાસ્તવિક કાર્યપદ્ધતિ, ઓપરેશનલ મેનેજમેન્ટ તથા કોર્પોરેટ સિસ્ટમ તેમજ ફુડ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગમાં મોટા પાયે થતા ઉત્પાદન, ગુણવત્તા નિયંત્રણ (Quality Control) અને ઓપરેશનલ મેનેજમેન્ટની પ્રક્રિયા પ્રત્યક્ષ માહિતી પ્રાપ્ત કરી હતી. આ ઔદ્યોગિક મુલાકાત વિદ્યાર્થીઓ માટે ખૂબ જ જ્ઞાનવર્ધક સાબિત થઈ હતી, જેના દ્વારા તેમને મેનેજમેન્ટના સિદ્ધાંતોના પ્રાયોગિક ઉપયોગ તેમજ અગ્રણી સંસ્થાઓના કાર્ય પરિસ્થિતિ અંગે નજીકથી સમજ મેળવવાની તક મળી હતી. જ્યારે શ્રીમદ રામચંદ્ર મિશન આશ્રમની મુલાકાતથી વિદ્યાર્થીઓએ આધ્યાત્મિક વાતાવરણમાં ધ્યાન અને વ્યકિતગત વિકાસની પ્રવૃત્તિઓનો અનુભવ કર્યો હતો, જે માનસિક શાંતિ અને આંતરિક વૃદ્ધિ માટે અનિવાર્ય છે. કંપની/આશ્રમ મેનેજમેન્ટ અને સ્ટાફ કે જેમણે આ આયોજનમાં સંપૂર્ણ સહકાર આપ્યો અને વિદ્યાર્થી માટે મૂલ્યવાન સમય ફાળવ્યો તે બદલ કૉલેજ તેમનો આભાર વ્યક્ત કરે છે. આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી તથા BBA કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા અને ડૉ. નિલેશ પટેલના માર્ગદર્શન હેઠળ Adani Hazira Port Ltd. Wilmar International Ltdની મુલાકાતનું આયોજન પ્રા. ડૉ. સોયેબ મેમણ અને પ્રા. શ્રીમતી ઇશા દેસાઈ જ્યારે Balaji Pvt. Ltd. અને Shrimad Ramchandra Ashramની આયોજન પ્રા. આગમ શેઠ, પ્રા. ઇશિકા સુરાણી, પ્રા. રાહુલ પાટીલ, પ્રા. દ્રષ્ટિ પંચાલ અને પ્રા. ધ્રુવિશા પાઘડાલ દ્વારા થયું હતું.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી તેમજ તૃતિય વર્ષ બી.કોમનાં વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભનું આયોજન



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં કૉલેજની વિદ્યાર્થી નાણા

અને કલ્યાણ સમિતિ તેમજ IQAC અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તેમજ તૃતીય વર્ષ બી.કોમનાં વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભનું આયોજન કૉલેજનાં ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાનાં નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ હતું. દીપ પ્રાગટય અને ઇશ્વર વંદનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં વલસાડની અસ્તિત્વ-મહિલા ઉત્કર્ષ સંસ્થાના એડવાઈઝરી એડવોકેટ ગીરીબાળા આચાર્ય એ મૃદુ ભાષામાં અને વિશિષ્ટ શૈલીમાં હાજર વિદ્યાર્થીનીઓને જીવનની વાસ્તવિકતા સમજાવી હતી. આ પ્રસંગે બીલીમોરા નગર પાલિકાનાં ઉપપ્રમુખ તેજલબેન જોષી ઉપસ્થિત રહ્યાં. કૉલેજના વિદ્યાર્થીઓએ પોતાના ત્રણ વર્ષનો અનુભવો વાગોળ્યા હતા. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રીએ તેમજ કૉલેજ અધ્યાપકોએ આવનારા ભવિષ્ય માટે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમ પ્રા. વર્ષાબેન રાણાનાં માર્ગદર્શન હેઠળ કૉલેજ પરિવારનાં સહકારથી સફળ રહ્યો હતો. કાર્યક્રમનાં ઉદઘોષકની ભૂમિકા ડૉ. પૂજાબેન વાઘેલાએ નિભાવી હતી. ડૉ. હિતેશ શર્માએ આભારવિધિ કરી હતી અને કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### ઇનામ વિતરણ સમારંભ






વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક અને સહ-અભ્યાસ પ્રવૃતિઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ સન્માનિત કરાયા. નવયુગ કોમર્સ કૉલેજ, સુરત ખાતે કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિનોદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તા. ૧૩ માર્ચ, ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ કલાકે ઇનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા કાર્યક્રમના અધ્યક્ષ તરીકે તેમજ અતિથિ વિશેષ તરીકે ડૉ. કશ્યપસિંહ ખરચીયા તેમજ શ્રી દિપકભાઈ ગૌર ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન તેમજ કૉલેજનો વાર્ષિક અહેવાલ પ્રિન્સિપાલ ડૉ. વિનોદભાઈ પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. બિંદુ બેન શાહ તેમજ રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી છગન અસારિયા દ્વારા વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને વિશ્વવિદ્યાલય ગીત સાથે કરવામાં આવી હતી. મહાનુભાવોના પરિચય અને સન્માન બાદ કૉલેજના વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સહ-અભ્યાસ પ્રવૃતિઓ જેવી કે, NSS, NCC તેમજ રમત ગમત માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઇનામો અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહાનુભાવોએ પોતાના ઉદબોધનમાં વિદ્યાર્થીઓને જીવનમાં મહેનત, શિસ્ત અને સંસ્કાર સાથે આગળ વધવાની પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને પ્રેરણા વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. અંકિતા ઝાડેશ્વરિયા અને ડૉ. ધરિત નાયક દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું. અંતે આભારવિધિ ડૉ. બ્રિજેશ પટેલ દ્વારા કરવામાં આવી હતી. રાષ્ટ્રગાન સાથે સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

## અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મીડિયમ કૉલેજ, સુરત.

### વિદાય સમારંભ




અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડિયમ કૉલેજ, વેસુ દ્વારા એમ.એ., બી.એ, બી.બી.એ, અને બી.કોમ.ના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. તેમજ વિદ્યાર્થીઓએ કૉલેજમાં વિતાવેલા ત્રણ વર્ષના અનુભવો શેર કર્યા હતા. આ સમારંભમાં, વિશ્વવિદ્યાલય પરીક્ષામાં વિવિધ વિષયોમાં સૌથી વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓને, વિશ્વવિદ્યાલય પરીક્ષામાં બી.એ.ના ત્રીજા વર્ષમાં ઉત્કૃષ્ટ શૈક્ષણિક પ્રદર્શન માટે મેડલ આપવામાં આવ્યા હતા અને કૉલેજ કક્ષાએ વિશ્વવિદ્યાલય પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, આંતર કૉલેજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ સ્થાન

મેળવવા બદલ વિદ્યાર્થીઓને ટ્રોફી આપીને સન્માનિત અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, NCC કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ વિદ્યાર્થીઓને મેડલ આપવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય/રાષ્ટ્રીય/રાજ્ય સ્તરે રમતગમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ ટ્રોફી આપીને સન્માનિત અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે અગ્રવાલ વિદ્યાવિહાર કૉલેજના ચેરમેન શ્રી આનંદ કુમારજી અગ્રવાલ, કૉ–ચેરમેન શ્રી મોહનજી ગુપ્ત, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ અને કાર્યકારી આચાર્ય ડૉ. ગૌતમ દુઆ તેમજ વ્યાખ્યાતા ગણ હાજર રહીને વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### Report of Annual Cultural Program (Rajat Utsav 2026)




The Annual Cultural Programme "Rajat Utsav 2026" was successfully organized on 7th March 2026 at the college campus of C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara. The event was conducted along with the Annual Cultural Programme of Shishu Gurjari / Vidhya Gurjari School, Paniyari.

The programme commenced with the lighting of the ceremonial lamp and offering floral tribute to Maa Saraswati and Lord Natraj by the dignitaries present on the dais. The management members and trustees graced the occasion and were warmly welcomed and felicitated with flowers by Principal Dr. Jyoti R. Rao and members of the Co-curricular Committee.

The event began with the welcome address by Dr. Jyoti R. Rao, Principal of C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara. This was followed by speeches delivered by the honourable secretary of trust Shree Nikhilbhai Shah and honorary chief executive director Dr. Ajay Desai, who addressed the gathering and motivated the students.

One of the highlights of the programme was the felicitation of Topper students from 1st BHMS, 2nd BHMS, 3rd BHMS and 4th BHMS for their outstanding academic performance in the university examinations. The winners of the Inter-college Reel Making Competition were also felicitated during the programme. The programme further included the felicitation of Class Representatives (CR) and Lady Representatives (LR) of all classes in appreciation of their dedication and contribution throughout the academic year. The cultural segment of the event started with Lord Ganesh Vandana performed by the 1st BHMS (New) students. This was followed by a vibrant series of 23 performances presented by the students of the college as well as students from Shishu Gurjari / Vidhya Gurjari School, Paniyari. The performances included classical dances, western dances, Garba, singing with theme dances, group performances, comedy dance, live painting, and a mahabharat theam performance performed by students. One surprised performance by college faculty Dr.viral Gamit .All performances were presented with great enthusiasm and received tremendous appreciation from the audience. The entire event was gracefully anchored by Jeel Trivedi and Siddhi Bhathawala (4th BHMS) along with Aashiya Khan (1st BHMS). The programme concluded with a vote of thanks and the National Anthem, followed by dinner for all attendees. The successful organization of the event was made possible under the guidance of Principal Dr. Jyoti R. Rao and the dedicated efforts of Dr. Dhruni Birari Head of the co-curricular Committee, along with her team.

### Holi Celebration




On 3rd march C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara celebrated Holi with students and staff. There were few rules followed to avoid inconveniences to others. The colors used in during the celebrations were free of pollutant and irritant compounds. To promote "Save Water" Initiative, only dry colours are allowed for holi celebration. Use of water was strictly Prohibited. This celebration is mainly to bring out the Indian culture and unite all the students despite of their variations. The celebration begin with the saraswati Pooja. Whole programme was arranged by Activity Committee head by Dr Dhruni Birari.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવણી–૨૦૨૬



સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા તારીખ ૧૦ માર્ચ ૨૦૨૬ના રોજ આતંરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ સંસ્થાના તમામ મહિલા સ્ટાફ સભ્યોની પ્રશંસા અને સન્માન કરવા માટે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. દિવ્યા ગામિત દ્વારા કરવામાં આવ્યું હતું. જેમણે કાર્યક્રમનો પરિચય આપ્યો હતો અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અને મહિલા સશક્તિકરણની ઉજવણીના મહત્વ પર પ્રકાશ પાડયો હતો. કાર્યક્રમની શરૂઆત શુભ દીપ પ્રાગટયથી થઈ હતી. ડૉ. જ્યોતિ આર. રાવે સ્વાગત પ્રવચન આપી સમાજમાં મહિલાઓની ભૂમિકા અને યોગદાન વિશે પ્રેરણાદાયી શબ્દો શેર કર્યા હતા. આ પ્રસંગે ડૉ. દિક્ષિતા ઉપાધ્યાય અને ડૉ. જ્યોતિ શુકલાએ પણ તેમના મૂલ્યવાન વિચારો શેર કર્યા હતા અને મહિલા સશક્તિકરણ પર પ્રેરણાદાયી ભાષણો આપ્યા હતા. તમામ મહિલા સ્ટાફ સભ્યોને તેમના સમર્પણ અને સેવા બદલ પ્રશંસાના પ્રતીક તરીકે ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિવિધ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેણે આનંદ અને ઉત્સાહપૂર્ણ વાતાવરણ બનાવ્યું હતું. ઉજવણીને સફળ બનાવવામાં યોગદાન આપનારા દરેકનો આભાર માનતા કાર્યક્રમનું સમાપન થયું. કાર્યક્રમનું સંકલન એક્ટિવિટી કમિટીના વડા ડૉ. ધ્રુણી બિરારી દ્વારા આચાર્ય ડૉ. જ્યોતિ આર. રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા.

## સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા ખાતે સાયબર ક્રાઈમ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાના હેતુથી સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે કુસુમબેન એસ. પટેલ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને સ્વાગત ભાષણથી કરવામાં આવી. ત્યારબાદ કુસુમબેન એસ. પટેલ વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમના વિવિધ પ્રકારો જેવી કે ઓનલાઈન ફ્રોડ, ફિશિંગ, હેકિંગ, સોશિયલ મીડિયા દુરુપયોગ, OTP ફ્રોડ અને ડિજિટલ છેતરપિંડી વિશે વિગતવાર માહિતી આપી. તેમણે ખાસ કરીને યુવતીઓ માટે સોશિયલ મીડિયા વાપરતી વખતે કઈ કાળજી રાખવી, અજાણ્યા લિંકસ પર કિલક ન કરવું, વ્યકિતગત માહિતી શેર ન કરવી અને મજબૂત પાસવર્ડનો ઉપયોગ કરવો જેવી અગત્યની બાબતો પર ભાર મૂકયો. તેમણે સાયબર ગુનાની ફરિયાદ કયાં અને કેવી રીતે નોંધાવવી તે અંગે પણ માર્ગદર્શન આપ્યું. વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પૂછયા અને પોતાના અનુભવ પણ શેર કર્યા. કાર્યક્રમ અંતે આભારવિધિ સાથે સમાપન થયું. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી અને માર્ગદર્શક સાબિત થયો. ૧૨૭ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

## Allocation on Cognitive Biases and Decision Making in Online Security વિષય પર કાર્યક્રમ



તા. ૨૫–૦૨–૨૦૨૬ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ, વાલીયા ખાતે Cyber Cell અને Home-Science Departmentના સંયુકત આયોજન હેઠળ Allocation on Cognitive Biases and Decision Making in Online Security" વિષય પર કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ઓનલાઈન સુરક્ષા સંબંધિત નિર્ણય પ્રક્રિયામાં Cognitive Biases (માનસિક પૂર્વગ્રહો) કેવી અસર કરે છે તેની સમજણ વિકસાવવાનો હતો. આ કાર્યક્રમમાં સ્પીકર તરીકે એસોસિયેટ પ્રોફેસર ભાવનાબેન ગોથાણાએ માહિતી સભર વકતવ્ય આપ્યું હતું. તેમણે ઓનલાઈન છેતરપિંડી, ફિશિંગ અને ખોટા નિર્ણયો પાછળના માનસિક કારણો અંગે સરળ અને સ્પષ્ટ રીતે સમજણ આપી. Cyber Cell Coordinator ડૉ.દિલાવરખાન એન. પઠાણના માર્ગદર્શન અને ઇ.ચા. પ્રન્સિપાલ ડૉ. નિયતિ ભટ્ટના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો. ઉપરોકત કાર્યક્રમમાં ૮૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી.

## ડિજિટલ સુરક્ષા અને સાયબર સાવચેતી વિષયક વ્યાખ્યાન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા દ્વારા ડિજિટલ યુગમાં વધતા સાયબર ગુનાઓ અંગે જાગૃતિ લાવવા 'ડિજિટલ સુરક્ષા અને સાયબર સાવચેતી' વિષયક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે કુસુમબેન એસ.પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે પોતાના પ્રવચનમાં આજના સમયમાં વધતા ઓનલાઈન ગુનાઓના ઉદાહરણો આપી સમજાવ્યું કે, કેવી રીતે અજાણતા લોકો ઠગાઈનો ભોગ બને છે. તેમણે બૅંકિંગ ટ્રાન્ઝેક્શન કરતી વખતે સાવચેતી રાખવી, જાહેર Wi-Fi નો મર્યાદિત ઉપયોગ કરવો અને મોબાઈલમાં સુરક્ષા એપ્લિકેશન ઇન્સ્ટોલ કરવાની જરૂરિયાત વિશે માર્ગદર્શન આપ્યું. વકતાશ્રીએ જણાવ્યું કે સાયબર સુરક્ષા દરેક નાગરિકની જવાબદારી છે અને જાગૃતિ જ તેનો શ્રેષ્ઠ ઉપાય છે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ હાજર રહી અને વ્યાખ્યાનનો લાભ લીધો. આ કાર્યક્રમ કૉલેજ માટે ગૌરવપૂર્ણ અને વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક રહ્યો. ૧૪૭ વિદ્યાર્થીની ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

## Impact of Cyber Bullying and Online Harassment વિષય પર Meet



તા. ૨૦/૦૨/૨૦૨૬ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા ખાતે સાયબર સેલના કૉ-ઓર્ડિનેટર ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા "Impact of Cyber Bullying and Online Harassment" વિષય પર એક Meetનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશય વિદ્યાર્થીઓમાં સાયબર બુલિંગ અને ઓનલાઈન હેરેસમેન્ટ અંગે જાગૃતિ ફેલાવવાનો તથા તેના પ્રભાવ અંગે સમજ આપવાનો હતો. આ કાર્યક્રમમાં એસોસિયેટ પ્રોફેસર ડૉ. પુષ્પાબેન વકતા તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે પ્રસંગોચિત અને માહિતીસભર રજૂઆત દ્વારા સાયબર બુલિંગ શું છે, તેના પ્રકારો, તેના માનસિક અને સામાજિક પ્રભાવ તેમજ તેનાથી બચવાના ઉપાયો અંગે વિગતવાર માહિતી આપી. સાથે સાથે તેમણે સાયબર ક્રાઈમ કાયદા અને સુરક્ષા પગલાં અંગે પણ માર્ગદર્શન આપ્યું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ચર્ચામાં ભાગ લીધો અને પોતાના પ્રશ્નો રજૂ કર્યા. વકતાશ્રીએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપી તેમને સાવચેત અને જવાબદાર ડિજિટલ નાગરિક બનવા પ્રેરિત કર્યા. કાર્યક્રમને અંતે આભારવિધિ સાથે Meet નું સમાપન કરવામાં આવ્યું. કાર્યક્રમ સફળ અને જ્ઞાનવર્ધક રહ્યો. ૧૧૩ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો.

## 'સાયબર અપરાધીઓનું માનસિક પ્રોફાઇલિંગ' વિષય પર વ્યાખ્યાન




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા ખાતે તા. ૧૧-૦૨-૨૦૨૬ના રોજ રૂમ નં. ૧માં 'સાયબર અપરાધીઓનું માનસિક પ્રોફાઇલિંગ' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ડૉ. રોશનભાઈ ગામિત ઉપસ્થિત રહ્યાં હતાં. ડૉ. રોશનભાઈ ગામિતે સાયબર ક્રાઈમના વધતા પ્રભાવ, સાયબર અપરાધીઓની માનસિકતા, તેમની કાર્ય પદ્ધતિ અને યુવાનોને કેવી રીતે સાવચેત રહેવું તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વાસ્તવિક ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને સમજાવ્યું કે કેવી રીતે સોશિયલ મીડિયા અને ડિજિટલ માધ્યમોનો ખોટો ઉપયોગ અપરાધ તરફ દોરી શકે છે. સાથે જ સાયબર સુરક્ષા અને સજાગ નાગરિક બનવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં કુલ ૫૪ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી અને તમામે ઉત્સાહપૂર્વક ભાગ લીધો. અંતે પ્રશ્નોતરી સત્ર યોજાયું જેમાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રશ્નો પુછ્યા અને માર્ગદર્શન મેળવ્યું.

## 'ડિજિટલ ડિટોક્સ એન્ડ ફોક્સઃ સોશિયલ મીડિયા યુગમાં સફળતાનું મંત્ર' વિષય પર જાગૃતિ કાર્યક્રમ



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયાના સાયબર સેલ દ્વારા તારીખ ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ડિજિટલ ડિટોક્સ એન્ડ ફોક્સ : સોશિયલ મીડિયા યુગમાં સફળતાનું મંત્ર" વિષય પર જાગૃતિ કાર્યક્રમનું આયોજન

કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સોશિયલ મીડિયાના અતિરેક ઉપયોગથી થતા પ્રભાવ વિશે જાગૃતિ લાવવાનો અને અભ્યાસમાં એકાગ્રતા જાળવવાના મહત્વ વિશે સમજ આપવાનો હતો. આ કાર્યક્રમમાં આસિસ્ટન્ટ પ્રોફેસર શીતલબેન મિસ્ત્રી મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે સોશિયલ મીડિયાના સતત ઉપયોગથી વિદ્યાર્થીઓના ધ્યાન, માનસિક સ્વાસ્થ્ય અને ઉત્પાદકતા પર થતી અસર વિશે વિગતવાર માહિતી આપી. તેમણે ડિજિટલ ડિટોક્સનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને અનાવશ્યક સ્ક્રીન ટાઈમ ઘટાડવા અને સારા ડિજિટલ આચાર વિકસાવવા પ્રેરિત કર્યા. વક્તાએ સમયનું યોગ્ય સંચાલન, ઓનલાઈન અને ઓફલાઈન જીવનમાં સંતુલન જાળવવાની રીતો તથા અભ્યાસ અને કારકિર્દી પ્રત્યે એકાગ્ર રહેવા માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વિવિધ પ્રશ્નો પૂછીને પોતાના અનુભવ પણ રજૂ કર્યા. આ કાર્યક્રમનું આયોજન સાયબર સેલ કૉ-ઓર્ડિનેટર ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમ ઇન્ચાર્જ પ્રિન્સિપાલ નિયતિ ભટ્ટના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમ વિદ્યાર્થીનીઓ માટે અત્યંત માહિતીપ્રદ અને ઉપયોગી સાબિત થયો. ૨૧૭ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


## "Artificial Intelligence: Boon or Curse ?" વિષય પર જાગૃતિ કાર્યક્રમ



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયાના સાયબર સેલ દ્વારા તારીખ ૧૨ ઓગષ્ટ, ૨૦૨૫ના રોજ "Artificial Intelligence : Boon or Curse?" વિષય પર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને કૃત્રિમ બુદ્ધિ (AI)ના વધતા પ્રભાવ, તેના લાભો અને સંભવિત જોખમો વિશે માહિતી આપવાનો હતો. કાર્યક્રમમાં આસિસ્ટન્ટ પ્રોફેસર શીતલબેન મિસ્ત્રી મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે પોતાના પ્રવચનમાં Artificial Intelligence શું છે, તે કેવી રીતે કાર્ય કરે છે અને આજના યુગમાં તેનો વિવિધ ક્ષેત્રોમાં કેવી રીતે ઉપયોગ થાય છે તે વિશે વિગતવાર સમજાવ્યું. તેમણે શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ અને સંચાર ક્ષેત્રોમાં AIના ઉપયોગથી થતા ફાયદાઓ વિશે પણ માહિતી આપી.

તેમણે સાથે-સાથે AIના અતિરેક ઉપયોગથી ઊભા થતા પડકારો અને સંભવિત નુકસાન વિશે પણ વિદ્યાર્થીઓને જાગૃત કર્યા. વિદ્યાર્થીઓને ટેક્નોલોજીનો યોગ્ય અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા પ્રેરણા આપવામાં આવી. આ કાર્યક્રમનું આયોજન સાયબર સેલ કૉ-ઓર્ડિનેટર ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમ ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન બી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. કાર્યક્રમ વિદ્યાર્થીનીઓ માટે માહિતીપ્રદ અને પ્રેરણાદાયક સાબિત થયો. ૨૨૯ વિદ્યાર્થીનીઓએ કાર્યક્રમમાં સક્રિય રીતે ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## "Digital Addiction, Privacy Anxiety & Mental Health" વિષય પર માર્ગદર્શક વ્યાખ્યાન




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયાના સાયબર સેલ દ્વારા તા. ૦૨/૦૧/૨૦૨૬ના રોજ "Digital Addiction, Privacy Anxiety & Mental Health" વિષય પર માર્ગદર્શક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓમાં ડિજિટલ સાધનોના વધતા ઉપયોગ, તેની અસર અને ઓનલાઈન ગોપનીયતા અંગે જાગૃતિ લાવવાનો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે કોમર્સ કૉલેજની પ્રોફેસર નિમિષાબેન ગાડરિયા ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે પોતાના વ્યાખ્યાનમાં ડિજિટલ એડિક્શનથી થતા માનસિક પ્રભાવ, સોશિયલ મીડિયા ઉપયોગની મર્યાદા, વ્યક્તિગત માહિતીની સુરક્ષા અને માનસિક સ્વાસ્થ્ય જાળવવાના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમના માર્ગદર્શનથી વિદ્યાર્થીનીઓને ડિજિટલ જીવન અને વ્યક્તિગત જીવન વચ્ચે સંતુલન જાળવવાની મહત્વપૂર્ણ સમજ મળી. આ કાર્યક્રમમાં કુલ ૨૨૭ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. કાર્યક્રમના આયોજનમાં સાઈબર સેલના સંયોજક ડૉ. દિલાવરખાન એન. પઠાણનું માર્ગદર્શન મળ્યું હતું તથા કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતિ બી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ રીતે આ વ્યાખ્યાન દ્વારા વિદ્યાર્થીઓમાં ડિજિટલ જાગૃતિ અને માનસિક સ્વાસ્થ્ય અંગે મહત્વપૂર્ણ સમજ વિકસાવવામાં મદદ મળી.

## સાયબર જાગૃતિ અંગે વર્કશોપનું આયોજન




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા ખાતે Cyber Crime & Cyber Security Awareness Cell દ્વારા તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાયબર જાગૃતિ અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સાયબર ક્રાઈમ અને ઓનલાઈન સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શ્રી રંગ નવચેતન મહિલા કોમર્સ કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. બિંદુબહેન સોલંકી હાજર રહ્યાં હતાં. તેમણે પોતાના માર્ગદર્શન દ્વારા આજના ડિજિટલ યુગમાં વધતા સાયબર ગુનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ખાસ કરીને Web Spoofing, Fack Online Stores, APK Files દ્વારા Malware, તેમજ સોશિયલ મીડિયા ઉપયોગ અંગે જાગૃતિ જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિદ્યાર્થીઓને સમજ આપી હતી. તેમણે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરતી વખતે સાવચેતી રાખવા, અજાણ્યા લિંક પર ક્લિક ન કરવા અને વ્યક્તિગત માહિતી સુરક્ષિત રાખવાના મહત્વ વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના આયોજનમાં સાયબર સેલના સંયોજક ડૉ. દિલાવરખાન એન. પઠાણનું માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યું હતું. તેમના પ્રયાસોથી કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીનીઓમાં સાયબર સુરક્ષા અંગે મહત્વપૂર્ણ જાગૃતિ ફેલાઈ અને તેઓએ રોજિંદા જીવનમાં ડિજિટલ સાધનોને સુરક્ષિત રીતે ઉપયોગ કરવાની પ્રેરણા મેળવી. આ રીતે આ સાયબર જાગૃતિ વર્કશોપ વિદ્યાર્થિનીઓ માટે ખૂબ જ ઉપયોગી અને જ્ઞાનવર્ધક સાબિત થયો. ૧૯૭ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક વર્કશોપમાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પાંચ દિવસીય ઉદ્યોગ સાહસિકતા ટ્રેનિંગમાં હાજરી



વિદ્યાર્થીઓને સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરવા અને તેમને આત્મનિર્ભર બનાવવાના હેતુસર એમ. કે. કૉલેજ, ભરૂચ ખાતે તા. ૨૭/૦૧/૨૦૨૬ થી ૩૧/૦૧/૨૦૨૬ દરમિયાન પાંચ દિવસીય ઉદ્યોગ સાહસિકતા ટ્રેનિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજની ૧૦ વિદ્યાર્થિનીઓએ કૉ–ઓર્ડિનેટરશ્રી એસો. પ્રોફેસર અનિતા વાઘના માર્ગદશર્ન હેઠળ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ટ્રેનિંગ દરમિયાન વિદ્યાર્થીનીઓને ઉદ્યોગ સાહસિકતાનો પરિચય, બિઝનેસ આઈડિયા વિકસાવવાની રીતો, બિઝનેસ પ્લાન તૈયાર કરવાની પ્રક્રિયા, માર્કેટ સર્વે, પેકેજિંગ અને બ્રાન્ડિંગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. સાથે જ સરકારી સહાય યોજનાઓ જેવી કે મુદ્રા લોન અને સ્ટાર્ટ અપ ઇન્ડિયા વિશે માહિતગાર કરવામાં આવ્યાં. કાર્યક્રમ દરમિયાન પ્રાયોગિક પ્રવૃત્તિઓ અને સમૂહ ચર્ચાઓનું આયોજન થયું.

## Smart Internet Use and Cyber Protection વિષય પર સિમ્પોઝિયમનું આયોજન




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા ખાતે સાયબર સેલ દ્વારા તા. ૨૨/૦૧/૨૦૨૬ ના રોજ "Smart Internet Use and Cyber Protection" વિષય પર સિમ્પોઝિયમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં ઇન્ટરનેટનો સમજપૂર્વક ઉપયોગ અને સાયબર સુરક્ષા અંગે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. અલકાબેન એન. ચૌહાણે ઉપસ્થિત રહી આજના ડિજિટલ યુગમાં ઇન્ટરનેટનો વધતો ઉપયોગ અને તેના સાથે જોડાયેલા જોખમો વિશે વિસ્તૃત માહિતી આપી સોશિયલ મીડિયા ઉપયોગમાં સાવચેતી રાખવાની જરૂરિયાત, વ્યક્તિગત માહિતીની સુરક્ષા, ઓનલાઈન ઠગાઈથી બચવાના ઉપાયો અને ડિજિટલ જીવનમાં જવાબદારીપૂર્વક વર્તવાની મહત્વપૂર્ણ બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના આયોજનમાં સાયબર સેલના સંયોજક ડૉ. દિલાવરખાન એન. પઠાણનું મહત્વપૂર્ણ માર્ગદર્શન મળ્યું હતું. કૉલેજના ઇ.ચા. પ્રિન્સિપાલ ડૉ.નિયતિ બુદ્ધિસાગર ભટ્ટના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. આ સિમ્પોઝિયમ દ્વારા વિદ્યાર્થીઓને ઇન્ટરનેટનો સુરક્ષિત અને સમજદારીપૂર્વક ઉપયોગ કરવાની પ્રેરણા મળી અને સાયબર સુરક્ષા અંગે મહત્વપૂર્ણ જાગૃતિ ફેલાઈ. કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી અને જ્ઞાનવર્ધક સાબિત થયો. ૧૭૮ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## Placement Fair-2026નું આયોજન



ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા તા. ૦૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મહામંડલેશ્વરશ્રી કૃષ્ણાનંદજી કૉલેજ ઓફ કોમર્સ, ભરૂચ ખાતે (એમ.કે.કૉલેજ ઓફ કોમર્સ, ભરૂચ) ખાતે Placement Fair-2026નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટ ફેરમાં શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયાએ બે રીતે સક્રિય ભાગ લીધો હતો.

પ્રથમ કૉલેજના પ્લેસમેન્ટ સેલ દ્વારા વિદ્યાર્થીઓને રોજગારીની તકો પ્રાપ્ત થાય તે માટે વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ ફેરમાં ભાગ લેવા માટે લઈ જવામાં આવ્યા હતા. આ માટે કૉલેજના કુલ ૭૬ વિદ્યાર્થીઓએ અગાઉથી ઓનલાઈન નોંધણી કરાવી હતી, જેમાંથી ૧૨ વિદ્યાર્થીઓએ (૧૬ ટકા) હાજરી આપી હતી તથા સ્પોટ રજીસ્ટ્રેશન દ્વારા અન્ય ૫ (પાંચ) વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આમ કુલ ૧૭ વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટ ફેરમાં ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ ફેરમાં જવા પૂર્વે તા. ૨૭/૦૨/૨૦૨૬ના રોજ કૉલેજના પ્લેસમેન્ટ સેલ દ્વારા માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્લેસમેન્ટ સેલના કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ ફેરની સમગ્ર પ્રક્રિયા, ઇન્ટરવ્યૂમાં ધ્યાન રાખવાની બાબતો, યોગ્ય રીતે પોતાનું પ્રસ્તુતિકરણ કેવી રીતે કરવું વગેરે બાબતો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બીજું, આ પ્લેસમેન્ટ ફેરમાં કૉલેજનાં હિન્દી, સંસ્કૃત અને અર્થશાસ્ત્ર પી.જી. વિભાગો દ્વારા અનુસ્નાતક કેન્દ્ર માટે Visiting Facultyની પસંદગી કરવા માટે પણ ભાગ લેવામાં આવ્યો હતો.

જેમાં કૉલેજની પ્રા. ડૉ. શર્મિલાબેન એસ. પટેલ (પી.જી.ઇન્ચાર્જશ્રી, હિન્દી વિભાગ), પ્રા. ડૉ. અલ્કાબેન એન. ચૌહાણ (પી.જી.ઇન્ચાર્જશ્રી, સંસ્કૃત વિભાગ) અને પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ (પી.જી.ઇન્ચાર્જશ્રી, અર્થશાસ્ત્ર વિભાગ)એ Recruiter/Interview Panel Member તરીકે હાજરી આપી હતી. તેમણે Visiting Faculty માટે ઉમેદવારના ઇન્ટરવ્યૂ લીધા હતા જોકે આ પ્રક્રિયામાં કોઈ ઉમેદવારની પસંદગી કરવામાં આવી નહોતી.

આ પ્લેસમેન્ટ ફેરમાં વિદ્યાર્થીઓને કૉલેજના પ્લેસમેન્ટ સેલના કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ અને પ્રા. ડૉ. પુષ્પાબેન કે. પટેલ માર્ગદર્શન અને દેખરેખ હેઠળ લઈ જવામાં આવ્યાં હતાં.

## ડિજિટલ વેલબીઈંગ અને સાયબર સિક્યોરિટી જાગૃતિ સેમિનાર




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા ખાતે સાયબર સેલ દ્વારા તા. ૩૦/૧/૨૦૨૬ના રોજ "ડિજિટલ વેલબીઈ અને સાયબર સિક્યોરિટી જાગૃતિ" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ડિજિટલ વિશ્વના સુરક્ષિત અને જવાબદાર ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. દિનેશસિંહ જી. રાજે હાજર રહી પોતાના વ્યાખ્યાનમાં ડિજિટલ વેલબીઈંગનો અર્થ સમજાવ્યો તેમજ સોશિયલ મીડિયા અને ઇન્ટરનેટનો યોગ્ય અને સંયમિત ઉપયોગ કેવી રીતે બચી શકાય તે અંગે ઉપયોગી સૂચનો આપ્યા. આ કાર્યક્રમના આયોજનમાં કૉલેજના સાયબર કૉ–ઓર્ડિનેટર ડૉ. દિલાવરખાન એન. પઠાણનું માર્ગદર્શન અને સહયોગ મળ્યો હતો. આ કાર્યક્રમ ઇ.ચા. આચાર્ય ડૉ. નિયતિ બુદ્ધિસાગર ભટ્ટના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. આ સેમિનારમાં ૧૭૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ડિજિટલ સુરક્ષા અંગે મહત્વપૂર્ણ માહિતી મેળવી. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ માહિતીસભર અને ઉપયોગી સાબિત થયો.

## International Women's Day Online Quiz-2026

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે અર્થશાસ્ત્ર વિભાગ અને Women Cellના સંયુક્ત ઉપક્રમે Internation Women's Day Online Quiz-2026નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં મહિલા સશક્તિકરણ, લિંગ સમાનતા અને સમાજના વિકાસમાં મહિલાઓના મહત્વપૂર્ણ યોગદાન વિશે જાગૃતિ લાવવાનો હતો. આ ક્વિઝ ઓનલાઈન Google Form દ્વારા આયોજન કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૦૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ મહિલા વિકાસ, મહિલા અધિકાર, લિંગ સમાનતા અને મહિલાઓના સામાજિક તથા આર્થિક યોગદાન સંબંધિત પ્રશ્નોના જવાબ આપ્યા હતા. ક્વિઝ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર તમામ વિદ્યાર્થીઓને E-Certificate આપવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં મહિલા સશક્તિકરણ અને સામાજિક સમાનતા વિશે જાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ યોગદાન મળ્યું. આ કાર્યક્રમનું આયોજન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ તથા Women Cell Coordinator ડૉ. શર્મિલાબેન એસ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માટે ઇન્ચાર્જ આચાર્ય પ્રા. નિયતિબેન બી. ભટ્ટએ શુભેચ્છા પાઠવી હતી.

## Online State-Level Quiz on International Women's Day

The activity was planned with the objective of promoting awareness about the achievements and contributions of women in various fields and encouraging students' academic participation in co-curricular activities, keeping in view the quality parameters encouraged by the Internal Quality Assurance Cell (IQAC). The event received an enthusiastic response with 124 contestants participating in the quiz from different colleges. The quiz included questions highlighting the significant contributions of women in diverse fields such as education, literature, sports, science, social development, economics, law, the Constitution, defence, environment, space and politics. The questions were designed to enhance knowledge, awareness and appreciation of women's role in shaping society. Students from various colleges affiliated with Veer Narmad South Gujarat University, Babasaheb Ambedkar Open University and Sardar Patel University actively participated in the quiz. The online mode enabled wider participation and created an engaging and intellectually stimulating learning environment for the students. The programme was successfully coordinated and conducted by the Department of English, reflecting the institution's commitment to academic enrichment, gender awareness and active student participation. The event made the celebration of International Women's Day meaningful and memorable for all participants while contributing to the quality initiatives of the institution.

## સંસ્કૃત સંભાષણ એડ–ઓન કોર્સ સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ





શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયાના સંસ્કૃત વિભાગ દ્વારા તા. ૧૨ માર્ચ, ૨૦૨૬ ગુરુવારના રોજ "સંસ્કૃત સંભાષણ એડ–ઓન કોર્સ સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્સ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેનના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવ્યો હતો. જેના માધ્યમથી વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે રસ અને અભિરુચિ વિકસે તે મુખ્ય ઉદ્દેશ રહ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી નવચેતન એજ્યુકેશન સોસાયટી, વાલિયાના સહમંત્રી પ્રિ. અશ્વિનભાઈ વિહારિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં સંસ્કૃત ભાષાનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને સંસ્કૃત અભ્યાસ તરફ પ્રોત્સાહિત કર્યા હતા. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ ગૌરવ પ્રાપ્ત થયું હતું.

આ પ્રસંગે અણિતા કૉલેજના પ્રા. ડૉ. સંજય બી. પટેલ તથા થવા કૉલેજના પ્રિ. કૌશલભાઈ પારેખ પણ ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ સંસ્કૃત ભાષાના વ્યાપક મહત્વ વિશે માર્ગદર્શન આપતાં વિદ્યાર્થીઓને સંસ્કૃત સંભાષણ અને અભ્યાસ માટે પ્રેરિત કર્યા હતા. સંસ્કૃત સંભાષણ વર્ગમાં શિક્ષક તરીકે શ્રી શારદા મંદિર હાઈસ્કૂલ, ડેલીના આસિસ્ટન્ટ ટીચરશ્રી અનિરુદ્ધ કે. ઠાકરે વિદ્યાર્થીઓને સંસ્કૃત સંભાષણનું સુંદર માર્ગદર્શન આપ્યું હતું. તેમના પ્રયત્નોથી વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે આત્મવિશ્વાસ અને ઉત્સાહ વધ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સંસ્કૃત સપ્તાહ નિમિત્તે યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર તથા પ્રથમ, દ્વિતિય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને કૉલેજ તરફથી ઇનામ અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત પ્રા.ડૉ. સંજય પટેલ તથા પ્રિ. કૌશલભાઈ પારેખે વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં એમ.એ.ડિગ્રી મેળવ્યા બાદના કારકિર્દી વિકલ્પો, ઉચ્ચ અભ્યાસની તકો તથા વિવિધ વ્યવસાયિક માર્ગો અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમના વ્યાખ્યાનથી વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત થયું હતું. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન કુલ ૬૫ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## Fourth Year under Four-Year Undergraduate Programme (FYUGP)- Clarification and Discussion વિષયક ઓનલાઈન વેબિનાર




Knowledge Consortium of Gujarat (KCG), ગાંધીનગર દ્વારા તા. ૧૨ માર્ચ, ૨૦૨૬ના રોજ "Fourth Year under Four-Year Undergraduate Programme (FYUGP)- Clarification and Discussion" વિષયક ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારામાં શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયામાંથી ઇન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિબેન ભટ્ટ તેમજ કૉલેજના પ્રાધ્યાપકો ઓનલાઈન જોડાઈને સક્રિય ભાગ લીધો હતો. આ વેબિનારમાં ચાર વર્ષીય સ્નાતક અભ્યાસક્રમ

(FYUGP) હેઠળ ચોથા વર્ષ સંબંધિત વિવિધ મુદ્દાઓ જેમ કે વિદ્યાર્થીઓએ ચોથું વર્ષ પસંદ કરવુ કે નહીં, Honours with Research અને Honours without Researchનો અભિગમ, સંસ્થાઓ માટે ચોથું વર્ષ શરૂ કરવાની લાયકાત તથા વિશ્વવિદ્યાલયની ભૂમિકા વગેરે બાબતો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વેબિનાર દ્વારા નવી શિક્ષણ નીતિ (NEP-2020) હેઠળ અમલમાં આવનારા અભ્યાસક્રમ અંગે મહત્વપૂર્ણ સ્પષ્ટતા પ્રાપ્ત થઈ, જે શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક સાબિત થશે.

## એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### 'વાર્ષિક ઇનામ વિતરણ' સમારોહ



દક્ષિણ ગુજરાતની શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર અને ઐતિહાસિક મહત્વ ધરાવતી સંસ્થા એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારી મુકામે સંસ્થાનો તા. ૦૯/૦૩/૨૦૨૬ના રોજ '૮૦મો વાર્ષિક ઇનામ વિતરણ' કાર્યક્રમ અત્યંત હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો, જેમાં શૈક્ષણિક તથા ઇત્તર પ્રવૃત્તિમાં ઉમદા દેખાવ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓની સિદ્ધિઓને વિવિધ ઇનામો થકી બિરદાવવામાં આવી હતી. કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય અને કૉલેજની વિદ્યાર્થીનીઓ કુ. વ્યોમા વૈદ્ય અને ધ્રુવિકા ટેલર દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું કે, જીવનમાં સફળતા મેળવવા માટે મહેનત, શિસ્ત અને સંકલ્પશક્તિ ખૂબ જ મહત્વપૂર્ણ છે. કૉલેજમાં મળતી શિક્ષણ સાથે સાથે વિદ્યાર્થીઓએ રમતગમત, સાંસ્કૃતિક તથા વિવિધ પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રીતે ભાગ લેવું જોઈએ, કારણકે આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ જરૂરી છે તેમજ ગાર્ડા કૉલેજની પ્રગતિમાં ગાર્ડા ટ્રસ્ટ પરિવારના તમામ ટ્રસ્ટીશ્રીઓના પોતાનું અમૂલ્ય યોગદાનની વાત કરી હતી, કૉલેજની પ્રગતિમાં અમૂલ્ય યોગદાન આપનાર સર્વે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યો અને સેવકભાઈઓ પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. કૉલેજ મેળવેલ અદ્ભૂત સિદ્ધિઓને બિરદાવી હતી. કૉલેજ ભવિષ્યમાં પણ સફળતાનાં ઉચ્ચ શિખરો સર કરે એ માટેના તમામ પ્રયત્નો કરવાની ખાતરી આપવા સાથે વિદ્યાર્થીઓને જીવનમાં ખૂબ પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે સમારંભમાં મુખ્યમહેમાનશ્રી મધુભાઈ કથીરિયાનું પુષ્પગુચ્છ, સ્મૃતિભેટ તથા શાલ અર્પણ કરીને સ્વાગત કર્યું હતું. કૉલેજના ટ્રસ્ટીશ્રી કેરસી દેબુ અને હોરમઝ અવારીનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. સમારંભના મુખ્ય મહેમાનશ્રી મધુભાઈ કથીરિયાએ વાર્તા દ્વારા જીવનના પાઠોની સમજ કેળવવાની સલાહ આપી હતી અને માફી આપવી અને માફી માંગવી એ જીવનમાં ઊતારવાની પણ સલાહ આપી તેમજ વિદ્યાર્થીઓને અનુભવો દ્વારા જીવનલક્ષી મૂલ્યો પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી હતી. અતિથિ વિશેષશ્રી અને કૉલેજના ટ્રસ્ટીશ્રી કેરશી દેબુએ પણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે પણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ કાર્યક્રમમાં ૧૯૪ વિદ્યાર્થીઓએ ઇનામ પ્રાપ્ત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નેહા હરિયાણીએ કર્યુ હતું. આભારવિધિ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડૉ. પુનિતાબેન પટેલે કરી હતી. સર્વે વિદ્યાર્થીઓને સમગ્ર ગાર્ડા ટ્રસ્ટ પરિવાર અને કૉલેજ પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

## Smt R.P.Chauhan Arts and Smt J.K.Shah and Shri K.D.Shah Commerce College, Vyara.

### સરદાર વલ્લભભાઈ પટેલ થીમ ઉપર એક દિવસીય નેશનલ સેમીનાર




શ્રીમતી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા કે.આર.પી. દરજી ઇન્ડો-અમેરિકન ઇન્સ્ટીટયૂટ ઓફ કમ્પ્યુટર સાયન્સ, વ્યારા કૉલેજના IQAC સેલ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માન્ય ઈતિહાસ રીસર્ચ સેન્ટર તથા Rusa Component No. 11 Faculty Improvement Scheme of Knowledge Consortium of Gujarat (KCG), Promotion of Research and Facilities Scheme of Education Department, Govt. of Gujaratના સંયુકત ઉપક્રમે "સરદાર વલ્લભભાઈ પટેલઃ રાષ્ટ્રીય એકતા અને આધુનિક ભારતના શિલ્પી" વિષય ઉપર એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજીત ૩૨૫ જેટલા સહભાગીઓએ ભાગ લીધો હતો તે પૈકી ૫૦ જેટલા સંશોધકોએ પોતાના શોધપત્રો રજૂ કર્યા હતા.

જે ISSN જર્નલમાં પ્રકાશિત કરી મહેમાનોના વરદહસ્તે તેનુ વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી હિતેન્દ્રસિંહ ખરવસિયાએ મહેમાનોને શાબ્દિક આવકાર આપી વ્યારા કૉલેજ ખાતે RUSA અંતર્ગત KCG કચેરી ગાંધીનગર તરફથી ચાર જેટલા જુદા જુદા વિષયને લગતા નેશનલ સેમિનારોનું આયોજન કરવાની ગુજરાત સરકાર તરફથી મંજૂરી આપવામાં આવી તે બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. સેમિનારના સફળ આયોજન માટે કૉલેજ પરિવાર અને ટેકનિકલ ટીમની સામૂહિક શક્તિને બિરદાવી વર્તમાન સમયમાં સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકતાના વિચારોની ખૂબ અનિવાર્યતા છે એમ જણાવી મહાપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે સત્યાગ્રહની વિવિધ લડતો પૈકી ખેડા સત્યાગ્રહ તથા બારડોલી સત્યાગ્રહમાં જે અગત્યની ભૂમિકા ભજવી હતી અને ગાંધીજી સાથે ખડેપગે ઊભા રહી અંગ્રેજોની સામેની સ્વતંત્રતા માટેની લડતને ઉગ્ર બનાવી દેશને આઝાદી આપવામાં ખૂબ મોટું યોગદાન આપ્યું હતું તેનો સંક્ષિપ્ત પરિચય આપી સરદાર પટેલ સાહસિક, વીર પરાક્રમી, મક્કમ મનોબળ અને દૃઢ સંકલ્પ શક્તિ ધરાવતા હતા એમ જણાવી અખંડ ભારત, મહાભારત, દિવ્ય ભારત અને સમૃદ્ધ ભારતના સર્જનમાં સરદાર વલ્લભભાઈ પટેલનો ખૂબ મોટો સિંહફાળો રહ્યો હતો એમ જણાવ્યું હતું.

વિશ્વવિદ્યાલયની વિવિધ કામગીરીમાં વ્યસ્ત હોવાને કારણે પ્રત્યક્ષ રીતે સેમિનારમાં ઉપસ્થિત ન રહી શક્તા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ સેમિનારમાં ઓનલાઈન સંબોધન કરતા જણાવ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલ ભારતીય ઈતિહાસમાં માત્ર એક મહાન નેતા જ નહિ પરંતુ અડગ સંકલ્પ, કુશળ વહીવટકર્તા અને રાષ્ટ્રભક્તિના શ્રેષ્ઠ પ્રતિક હતા. સરદાર પટેલનું દ્રષ્ટિવાન નેતૃત્વ, નૈતિક અને પ્રામાણિક શાસન તથા રાષ્ટ્રીય એકતાના શ્રેષ્ઠ ગુણો વર્તમાન પેઢીને પ્રેરણા આપે છે. ભારતની એકતા અને અખંડિતતા એ કોઈ સંજોગોવશાત મળેલી ભેટ નથી તે સતત મહેનત અને બલીદાનોનું પરિણામ છે સરદાર પટેલનો આ વિચાર આજે પણ જાહેર અને શૈક્ષણિક જીવનને માગદર્શન આપે છે. વ્યારા કૉલેજ ખાતે આયોજિત આ સેમિનારમાં રજૂ થનાર શોધપત્રો અને ચર્ચાઓ સરદાર પટેલના જીવન, કાર્ય અને વારસાને નવી દ્રષ્ટિથી સમજવામાં ઉપયોગી બનશે એમ જણાવી સંચાલક મંડળ તથા વ્યારા કૉલેજ ટીમને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

કૉલેજ સંચાલક મંડળના મંત્રી અને સમારંભના મુખ્ય મહેમાન શ્રી મહેશભાઈ શાહે આવા સેમિનારો રાષ્ટ્ર ભક્તિ, જ્ઞાનવર્ધક અને શક્તિશાળી ભારતના સર્જનમાં ખૂબ ઉપયોગી સાબિત થતા હોય છે તથા સરદાર વલ્લભભાઈનું જીવન આજની પેઢી અને રાજકીય નેતાઓને પણ માર્ગદર્શન પૂરું પાડે છે એમ જણાવ્યું હતું. સેમિનારમાં કૉ–ઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્રભાઈ પંડયાએ કાર્યક્રમની રૂપરેખા સમજાવી સરદાર પટેલના બહુવિધ પાસાઓ અને તેમના મહાન વ્યકિતત્વના બહુઆયામી પ્રદાનને સમજવા, વિશ્લેષણ કરવા અને નવી પેઢી સુધી પહોચાડવા માટે આજનો આ સેમીનાર વર્તમાન અને આવનાર પેઢીને ખૂબ ઉપયોગી બની શકશે એમ જણાવ્યું હતું. મહારાષ્ટ્રથી ઉપસ્થિત આ સેમિનારના મુખ્ય વક્તા ડૉ. યશવંત સાળુંકેએ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી વ્યારા કૉલેજે આવા રાષ્ટ્રીય સેમિનારનું સફળ આયોજન કરીને અન્ય શિક્ષણ જગતને પ્રેરણા અને માર્ગદર્શન આપવાનું પ્રસંસનીય કાર્ય કર્યુ છે એમ જણાવી સરદાર વલ્લભભાઈ પટેલનું જીવન તથા ભારતના રાષ્ટ્ર નિર્માણમાં આપેલ યોગદાનની વિસ્તૃત ચર્ચા કરી સરદાર પટેલના જીવનમાંથી આજના યુવાનોમાં રાષ્ટ્રીય ચેતના, શિસ્ત અને નૈતિકતાના ગુણો કેળવાશે એમ જણાવ્યું હતું. સરદાર પટેલ વિશ્વવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરથી ઉપસ્થિત સેમિનારના બીજા મુખ્ય વક્તા પ્રા. ડૉ. વસંતભાઈ પટેલે તેમની અસ્ખલિત અને વિશિષ્ઠ શૈલીમાં સરદાર પટેલ સાથે સંકળાયેલા વિવિધ પાસાઓ કે જેનાથી વર્તમાન પેઢી સાવ અજાણ છે તેવી અદ્રશ્ય અને અપ્રગટ ઘટનાઓથી શ્રોતાઓને રસતરબોળ કરી દીધા હતા. તેમણે જણાવ્યું કે, સરદાર પટેલ જેવા મહાન નેતાને આ પ્રસંગે સ્મરણ કરવાની સાથે સાથે સરદારના વિચારોને વર્તમાન અને ભવિષ્ય સાથે જોડાવાનું આ એક બૌદ્ધિક પ્રયાસ છે અને તે ભારતીય સમાજને ખૂબ પ્રેરણા આપી શકે છે.

આ પ્રસંગે જુદા જુદા વક્તાઓ પૈકી ડૉ. ફાલ્ગુની પરીખ, મહારાષ્ટ્રથી ઉપસ્થિત, ડૉ.રામદાસ ભોંગ, ડૉ. નરેશ પરીખ, ડૉ. જીગીશ પંડયા, ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. મુકેશ પટેલ અને ડૉ. દિલીપભાઈ ચૌધરીએ પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યુ હતું. ચેર પર્સન તરીકે ડૉ. આશિષધભાઈ નાયક, ડૉ. એમ.એચ.વાઢેળ, પ્રા. જી.એમ.દળવી અને કૉ–ચેર પર્સન તરીકે પ્રા. ચેર પર્સન તરીકે પ્રા. એસ.આર.ચૌધરી, ડૉ. શોભના જૈન તથા ડૉ. દયારામ મહાલેએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. જીજ્ઞા વ્યાસે કર્યુ હતું. કાર્યક્રમને સફળ સંચાલન ડૉ. જીજ્ઞા વ્યાસે કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા સંચાલક મંડળના પદાધીકારીશ્રીઓ, સમગ્ર કૉલેજ પરિવાર તથા ટેકનિકલ ટીમ સંગીતા પવાર, પ્રા. ચિરાગ શાહ, પ્રા. ભાવિની શાહ, ડૉ. દર્શન સોની તથા પંક્તિતા દેસાઈએ માર્ગદર્શન અને યોગદાન પુરા પાડયાં હતાં. અંતે આભારવિધિ ડૉ. ધર્મેશભાઈ પંડયાએ કરી હતી.

## ભારતીય જ્ઞાનપરંપરા થીમ ઉપર એક દિવસીય નેશનલ સેમીનાર




શ્રીમતી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા કે.આર.પી. દરજી ઇન્ડો–

અમેરિકન ઇન્સ્ટીટ્યૂટ ઓફ કમ્પ્યુટર સાયન્સ, વ્યારા કૉલેજના IQAC સેલ અને ગુજરાતી વિભાગ તથા Rusa Component No. 11 Faculty Improvement Scheme of Knowledge Consortium of Gujarat (KCG), Promotion of Research and Facilities Scheme of Education Department, Govt.of Gujaratના સંયુકત ઉપક્રમે 'ભારતીય જ્ઞાનપરંપરા' વિષય પર એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજીત ૩૨૦ જેટલા સહભાગીઓએ ભાગ લીધો હતો તે પૈકી ૬૫ જેટલા સંશોધકોએ પોતાના શોધપત્રો રજૂ કર્યા હતા. જે ISSN જર્નલમાં પ્રકાશિત કરી મહેમાનોના વરદહસ્તે તેનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી હિતેન્દ્રસિંહ ખરવસિયાએ મહેમાનોને શાબ્દિક આવકાર આપી વ્યારા કૉલેજ ખાતે RUSA અંતર્ગત KCG કચેરી ગાંધીનગર તરફથી ચાર જેટલા જુદા જુદા વિષયને લગતા નેશનલ સેમિનારોનું આયોજન કરવાની ગુજરાત સરકાર તરફથી મંજૂરી આપવામાં આવી તે બદલ ઉચ્ચ શિક્ષણની કમિશ્નરશ્રી તથા સ્ટેટ નોડલ ઓફિસર KCGનો આભાર માની સેમિનારના સફળ આયોજન માટે કૉલેજ પરિવાર અને ટેકનિકલ ટીમની સામૂહિક શક્તિને બિરદાવી વર્તમાન તથા આવનાર પેઢીને જીવનના મૂલ્યો કેળવવા તથા પવિત્ર અને સદાચારી જીવન જીવવા માટે પ્રાચીન ભારતીય જ્ઞાનપરંપરા માર્ગદર્શન અને પ્રેરણા પુરી પાડશે. ભારતીય ધર્મ, બિનસાંપ્રદાયિકતા, વેદો, રામાયણ, મહાભારત, ગીત–કર્મના સિદ્ધાંતો તથા પ્રાચીન વિદ્યાપીઠો અને ત્યાં આપવામાં આવતું શિક્ષણ પ્રાચીન ભારતે વિશ્વને આપેલો અણમોલ વરસો છે. પ્રાચીન ભારતે ભારત સહીત વિશ્વને વિવિધ વિષયમાં જ્ઞાન–સભર ભાથું પૂરું પાડયું હતું એમ જણાવી વર્તમાન ભારત અને વિશ્વ ભારતીય–જ્ઞાન, ચિંતન અને સંસ્કૃતિમાંથી જીવન ઉપયોગી પાઠ શીખી શકે છે એમ જણાવ્યું હતું.

સેમિનારના સંયોજક ડૉ. મેરુભાઈ વાઢેળ ભારતીય જ્ઞાનપરંપરા વિષયક કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા અને ઉપયોગીત સમજાવી આપણી વિસરાતી જતી ભારતીય જ્ઞાન પરંપરા ઉપર વિસ્તારપૂર્વક પ્રકાશ પાડી ભારત છેક પ્રાચીન સમયથી વિશ્વગુરુની ભૂમિકા ભજવી રહ્યું છે. આજે દુનિયા ભારતીય જ્ઞાન પરંપરામાંથી વિવિધ પ્રકારનું ભાથું શીખી જુદા જુદા ક્ષેત્રમાં પ્રગતિ કરી શકે છે એવી લાગણી વ્યકત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત શ્રી રાજેશ આર. બોરડ (GAS) નિવાસી અધિક કલેકટરશ્રી, વ્યારા–તાપી તથા શ્રી ર.ફ.દાબુ કેળવણી મંડળ, વ્યારાના ચેરમેનશ્રી નેવીલભાઈ જોખીએ પ્રસંગોચિત શુભેચ્છા પાઠવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત તાપી જીલ્લાના ડી.વાય.એસ.પી. શ્રી નરવડેએ રામાયણ, મહાભારત આજની અને વર્તમાન પેઢીને પરિવાર, ચારિત્ર્ય, અસત્ય સામે સત્યનો વિજય તથા પ્રજાવત્સલ શાસક કોને કહી શકાય તેના પાઠ શીખવે છે એમ જણાવી ભારતીય જ્ઞાન પરંપરાના મુલ્યો દરેક ભારતવાસીઓએ જીવનમાં ઉતારવા જોઈએ એમ જણાવ્યું હતું.

ભારતીય જ્ઞાન પરંપરા વિશેનું બીજરૂપ વકતવ્ય વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી ભવનના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. નરેશ શુકલ આપ્યું હતું. તેમણે વેદકાળથી આજ પર્યતના સમયકાળને વણીને ભારતની જ્ઞાન પરંપરાની આગવી વિશેષતાઓ જણાવી હતી. બીજી બેઠકમાં મુંબઈ વિશ્વવિદ્યાલયના પ્રોફેસર અભય દોશીએ ભારતીય જ્ઞાનપરંપરામાં જૈન ધર્મનું આગવું પ્રદાન જણાવ્યું હતું. સેમિનારના બીજા વકતા ડૉ. સુનિલભાઈ જાદવે ભારતીય જ્ઞાન પરંપરામાં બૌદ્ધ ધર્મના યોગદાનની વિસ્તારપૂર્વક સમજ આપી હતી. સેમિનારમાં ઉપસ્થિત બીજા વકતા ડૉ. દલપત ચાવડાએ રવિ–ભાણ સંપ્રદાયના કવિઓએ આપણી ભારતીય જ્ઞાન પરંપરામાં ખૂબ મોટું યોગદાન આપ્યું હતું જે આજની પેઢીને ખૂબ ઉપયોગી બની શકે છે એમ જણાવ્યું હતું. જાણીતા કવિશ્રી સંજુ વાળાએ નરસિંહ મહેતાના ભકિતયોગમાં રહેલી આપણી ભારતીય જ્ઞાન પરંપરાની ખાસિયતો અને ઝલક રજૂ કરી હતી. સેમિનારમાં ચેર પર્સન તરીકે પ્રા. ગીતાબેન પટેલ, પ્રા. મિતલબેન દેસાઈ તથા પ્રા. ભામીનીબેન શાહ અને કૉ–ચેર પર્સન તરીકે પ્રા. ભાવિનીબેન શાહ, પ્રા. ચિરાગભાઈ શાહ તથા ડૉ. દર્શનભાઈ સોનીએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. મેરૂભાઈ વાઢેળ અને ડૉ. જીજ્ઞા વ્યાસે કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા સંચાલન મંડળના પદાધીકારીશ્રીઓ, સમગ્ર કૉલેજ પરિવાર તથા ટેકનિકલ ટીમે માર્ગદર્શન અને યોગદાન પુરા પાડયા હતા. આભારવિધિ કૉલેજના ઉપાચાર્યશ્રી પ્રા. વસંતભાઈ ગામીતે કરી હતી.

## દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજના વિધિ–વિધાન અને સંસ્કૃતિ થીમ ઉપર એક દિવસીય નેશનલ સેમીનાર






શ્રીમતી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા કે.આર.પી. દરજી ઇન્ડો–

અમેરિકન ઇન્સ્ટીટ્યૂટ ઓફ કમ્પ્યુટર સાયન્સ, વ્યારા કૉલેજના IQAC સેલ અને ટ્રાઈબલ રીસર્ચ સેન્ટર તથા Rusa Component No.11 Faculty Improvement Scheme of Knowledge Consortium of Gujarat (KCG), Promotion of Research and Facilities Scheme of Education Department, Govt.of Gujaratના સંયુક્ત ઉપક્રમે "દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજના વિધિ–વિધાન અને સંસ્કૃતિ થીમ" ઉપર એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજીત ૩૪૫ જેટલા સહભાગીઓએ ભાગ લીધો હતો. તે પૈકી ૫૦ જેટલા સંશોધકોએ પોતાના શોધપત્રો રજૂ કર્યા હતા. જે ISSN જર્નલમાં પ્રકાશિત કરી મહેમાનોના વરદહસ્તે તેનું વિમોચન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રા. ગીતાબેન પટેલની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવસિયાએ મહેમાનોને શાબ્દિક આવકાર આપી વ્યારા કૉલેજ ખાતે RUSA અંતર્ગત KCG કચેરી ગાંધીનગર તરફથી ચાર જેટલા જુદા જુદા વિષયને લગતા નેશનલ સેમિનારોનું આયોજન કરવાની ગુજરાત સરકાર તરફથી મંજૂરી આપવામાં આવી તે બદલ ઉચ્ચ શિક્ષણની કમિશનરશ્રી તથા સ્ટેટ નોડલ ઓફિસર KCGનો આભાર માની આવનાર પેઢીને જીવનના મૂલ્યો કેળવવા તથા પવિત્ર અને સદાચારી જીવન જીવવા માટે આપણી આદિવાસી સંસ્કૃતિની જીવનશૈલી, સામાજિક મૂલ્યો, ધાર્મિક વિચારો તથા પ્રકૃતિ પ્રત્યેનો લગાવ વર્તમાન વિશ્વને ખૂબ ઉપયોગી અને માર્ગદર્શક બની શકે છે. તેથી આદિવાસી સંસ્કૃતિના શ્રેષ્ઠ વિચારોનું સંરક્ષણ કરવાની આપણી સામૂહિક જવાબદારી છે. આદિવાસી સમાજ પોતાના પરંપરાગત નૃત્યો, લોકગીતો અને તહેવારો દ્વારા સંસ્કૃતિ જીવંત રાખે છે. તેઓની જીવનશૈલી સરળ, સહકારી અને પરંપરાગત મૂલ્યો પર આધારિત હોય છે. તેમની કલા, હસ્તકલા અને વસ્ત્રો તેમની ઓળખ અને વારસાને દર્શાવે છે એમ જણાવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોર પોરિયાએ વ્યારા કૉલેજની શૈક્ષણિક સિદ્ધિઓની બિરદાવી વર્તમાન સમાજને પ્રેરણા અને માર્ગદર્શન મળી શકે છે એવા થીમ ઉપર આધારિત આ સેમિનાર ભાવિ પેઢીને નવું જ્ઞાન અને ભારતીય મૂલ્યોના દર્શન કરાવશે. આદિવાસી સમાજની જીવનશૈલી મહદ્અંશે પ્રકૃતિ સાથે જોડાયેલી છે તેમની પરંપરાઓમાં પર્યાવરણ જાળવણી, વિજ્ઞાન, ગણિત અને ભૂમિતિને લગતા ઉપયોગી તત્વો સમાયેલા છે. આદિવાસી સંસ્કૃતિ સમાજ, કળાઓ અને પ્રકૃતિ સંલગ્ન માહિતી આપે છે. આદિવાસીઓની વાદ્યશૈલી, સંગીત, નૃત્યશૈલી તથા વારલી ચિત્રકળા આદિવાસી સમાજની પ્રાચીન અને વૈજ્ઞાનિક જાણકારીનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરા પાડે છે એમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વ્યારા વિધાનસભાના માનનીય ધારાસભ્યશ્રી મોહનભાઈ કોંકણીએ આજના ઝડપી અને વૈજ્ઞાનિક યુગમાં ભારત સહિત વિશ્વ ખૂબ પ્રગતિ કરે છે પરંતુ તેની સાથે સાથે અનેક સમસ્યાઓ પણ વિશ્વ સમક્ષ ઉભી થઈ છે આ સમસ્યાઓનું સમાધાન આદિવાસી સમાજની રહેણીકરણી, જીવન જીવવાની પદ્ધતિ તથા વિચારોમાંથી વર્તમાન પેઢીને મળી શકે છે. આદિવાસી સમાજ સાદગીમાં સુખ અને સહઅસ્તિત્વમાં શાંતિ ઇચ્છે છે એમ જણાવી કૉલેજને મદદરૂપ બનવાની લાગણી વ્યક્ત કરી હતી. સમારંભના મુખ્ય મહેમાન અને ગુજરાત વિધાનસભાના નાયક દંડક અને ડાંગના માનનીય ધારાસભ્યશ્રી વિજયભાઈ પટેલે વિશ્વની તમામ સમસ્યાઓનું સમાધાન આદિવાસી સંસ્કૃતિમાંથી મળી શકે છે. આદિવાસી સમાજ વર્ષોથી સંઘર્ષ સાથે જીવતો આવ્યો છે. આપણા આ સમાજે સાદું અને સરળ જીવન અને પ્રકૃતિ પ્રત્યેનો લગાવ આજે પણ જાળવી રાખ્યો છે. આદિવાસી સમાજની કલા કારીગરીમાં જીવનના વિવિધ પાસાઓને રજૂ કરવામાં આવ્યા છે જે વર્તમાન ભારત અને આવનારી પેઢીને નવો રાહ ચીંધી શકે છે. આ સમારંભના મુખ્ય વક્તા મહારાષ્ટ્ર–નાશિકમમાંથી ઉપસ્થિત રાજ્યશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર ડૉ. ભાગવત શંકર મહાલેએ આદિવાસી સંસ્કૃતિ પ્રકૃતિ સાથે ગાઢ રીતે જોડાયેલા છે અને તેઓ જંગલ, નદી અને પર્વતોને પવિત્ર માને છે. આદિવાસી પરંપરાઓ તથા જુદી જુદી આદિવાસી સંસ્કૃતિના આદાન પ્રદાન થવા જોઈએ અને તેનો તુલનાત્મક અભ્યાસ થવો જોઈએ એમ જણાવ્યું હતું. આ સેમિનારમાં રીસોર્સ પર્સન તરીકે ઉપસ્થિત ડૉ. ચંદુભાઈ ચૌધરી, ગુજરાત ટ્રાઈબલ રીસર્ચ અને ટ્રેનિંગ સોસાયટી ગાંધીનગર, ગુજરાત સરકારે જનજાતિ સમાજ માટેની સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત જાણકારી પૂરી પાડી હતી. ડૉ. પુંડલિક પવાર, એમ.એસ. વિશ્વવિદ્યાલય, બરોડાએ આદિવાસી સાહિત્યમાં શિષ્ટ સાહિત્યના અંશો જોવા મળે છે એમ કહીને લોકસાહિત્યની મહત્તા સમજાવી આદિવાસી સંસ્કૃતિના દેવી–દેવતા, ડુંગરદેવ વિષે જાણકારી આપી હતી. ડૉ. દિપક ભોયે (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત)એ આદિવાસી જાતિઓની સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરાગત વિધિઓ, જીવનશૈલી, લોકવિશ્વાસ, ધાર્મિક વિચારો અને ભારતીય જ્ઞાન પરંપરામાં આદિવાસી સંસ્કૃતિનું યોગદાનની જાણકારી આપી આદિવાસી સમાજની અસ્મિતા, અસ્તિત્વ અને વિકાસ સંબધિત અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવશે તો લોકો જનજાતિ સમાજના ગૌરવશાળી ઈતિહાસથી માહિતગાર થશે એમ જણાવ્યું હતું. કૉલેજ સંચાલક મંડળના પ્રમુખશ્રી હસુભાઈ ભક્ત અને ચેરમેનશ્રી નેવીલભાઈએ પ્રસંગોચિત શુભેચ્છા પાઠવ્યા હતા.

સેમિનારના સંયોજક અને કૉલેજના ઉપાચાર્યશ્રી પ્રા. વસંતભાઈ ગામીતે સમગ્ર કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા આપી હતી. સેમિનારમાં ચેર પર્સન તરીકે પ્રા. ડૉ. જીજ્ઞા ટી. વ્યાસ, પ્રા. ડૉ. હીના એલ. પટેલ તથા પ્રા. ડૉ. યજ્ઞા પી. વ્યાસ અને કૉ–ચેર પર્સન તરીકે ડૉ. સોનલ બી. જાડા, પ્રા. ડૉ. કિષ્ના લાખાણી તથા પ્રા. પંકિતા દેસાઈએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. જીજ્ઞા વ્યાસે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સંચાલક મંડળના પદાધીકારીશ્રીઓ, સમગ્ર કૉલેજ પરિવાર તથા ટેકનિકલ ટીમે માર્ગદર્શન અને યોગદાન પુરા પાડયા હતા. આભારવિધિ કૉલેજના ઉપાચાર્યશ્રી પ્રા. વસંતભાઈ ગામીતે કરી હતી.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-03-2026 to 31-03-2026

| Detail | Description | March-2026 | |
|---|---|---|---|
| User | Visitors | 5352 | |
| | Internet Lab User | 0 | |
| Registered Members | BoM/EC Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 14 | |
| | Research Scholars | 4 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 0 | |
| | E-resource User | 0 | |
| | Total | | 5370 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| March-2026 | 132 | 222 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | March-2026 | 16 |

Sources: Ms. Namrata Shingodawala, Lab Assistant, Computer Lab.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | March-2026 | 28 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | March-2026 | 23 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in